**સુવિચાર**

શ્રમ કર્યા વિના બીજાની પાસેથી દ્રવ્ય મેળવનાર કદી સત્ય બોલવાનું સામર્થ્ય ધરાવતો નથી.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૭/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૧૮૩




ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## અમરેલી શહેરમાં દિવસમાં અનેકવાર ઝાંપટા પડયા

# બાબરા, વડિયા સહિતનાં વિસ્તારોમાં પુનઃ મેઘાવી માહોલ

**સામાન્યથી લઈને દોઢ ઈંચ વરસાદ પડતા બાબરાની કાળુભાર નદીમાં ઘોડાપુર આવ્યું**

**નવાણિયા, ઉંટવડ, કોટડાપીઠા, વડિયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડયો**

**મોં માગ્યો વરસાદ પડતો હોવા છતાં પણ વાતાવરણમાં ગરમી હોય વધુ વરસાદની સંભાવના**

**ચાલુ મૌસમમાં પડેલ ભારે વરસાદે જિલ્લાનાં મોટાભાગનાં માર્ગોની હાલત બગાડી**







અમરેલી, તા. ૧૭

અમરેલી, બાબરા અને વડિયા સહિતનાં વિસ્તારોમાં આજે સામાન્યથી લઈને દોઢ ઈંચ વરસાદ પડયો છે. બાબરાનાં ગ્રામ્ય વિસ્તારમાં પડેલ ભારે વરસાદથી કાળુભાર નદીમાં ઘોડાપુર આવ્યું હતું તો વડિયા પંથકમાં વરસાદથી સુરવો જળાશય પુનઃ છલોછલ થવાની ગણતરી શરૂ હતી. અમરી જિલ્લામાં ચાલુ મૌસમમાં મોં માંગ્યો વરસાદ પડી રહ્યો છે અને જિલ્લાની ૨૨ થી ૨૪ ઈંચ

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

## સાવરકુંડલા તાલુકા પો.સ્ટે.નાં ગુન્હામાં નાસતા-ફરતાં હીસ્ટ્રીશીટરની અટકાયત

**વીજપડીનાં બસ સ્ટેન્ડ નજીકથી અટકાયત**



અમરેલી, તા. ૧૭

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા એ.ટી.એસ ચાર્ટર મુજબના ગંભીર પ્રકારના ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમોને તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી, આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેકટર એસ.જી. દેસાઈ તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી.ભટ્ટ, તથા એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ. ચાર્ટર

અનુસંધાન પાના ૬ ઉપર

### ''જોર લગા કે હૈસા'' સાથે શહેરીજનો મદદે જોડાયા

## સાવરકુંડલાનાં ખોડિયાર ચોકમાં નાળાનાં પ્રવેશદ્વાર નજીક કાર પાણીમાં ફસાઈ

**સતત વરસાદથી નાની-મોટી ઘટનામાં વધારો**

સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર ખોડિયાર ચોક પાસે આવેલ નાળાના પાણી પસાર થવાના દ્વાર પર હજુ બે-ચાર દિવસ પહેલાં જ ચોમાસા દરમ્યાન વહેતા પાણીમાં એક નંદી ફસાયાના સમાચારની શાહી સુકાઈ નથી એવી પરિસ્થિતિમાં રસ્તા

અનુસંધાન પાના ૬ ઉપર

### જો કે આંખનો રોગ સામાન્ય હોવાથી ચિંતાનો વિષય નથી

## સાવરકુંડલા શહેરમાં અંખિયા મિલાકે રોગનું પ્રમાણ વધતા આંખનાં દર્દીઓમાં જબ્બરો વધારો

**લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં દરરોજ ૧૫ થી ૨૦ કેસ આવે છે**



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા શહેરમાં વરસાદી સિઝનમાં અંખીયા મિલાકે રોગનું પ્રમાણ વ્યાપક પણે વધ્યું હોયને દવાખાનામાં આંખોનાં ચેપી રોગથી દર્દીઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. ત્યારે આંખોમાં બળતરા થવી, આંખોમાંથી પાણી વહેવા, આંખોને લાલ ચોળ થઈ જવી આવી આંખોની બીમારીનો ચેપી વાયરસ રોગ સાવરકુંડલા શહેરમાં વ્યાપક પણે જોવા મળ્યો છે. જેને કારણે સ્કુલોમાં પણ બાળકોને આ અંખિયા મીલાકે રોગની સંખ્યાઓ વધતા સ્કુલ સંચાલકોને પ્રિન્સિપાલ દ્વારા અગમચેતીનાં ભાગરૂપે સ્કુલોમાંથી વિદ્યાર્થીઓ બાળકોને વાયરસની અસરમાંથી મુકત થયા બાદ સ્કુલે આવવાની વિનંતીઓ કરતા હોય છે. જેથી અન્ય વિદ્યાર્થીઓ આ આંખોના ચેપી રોગની અસર ન થાય ત્યારે સાવરકુંડલા શહેર તાલુકા માટે આશીર્વાદરૂપ ગણાતી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે

અનુસંધાન પાના ૬ ઉપર



**સ્ટાફ જોઇએ છે**
દાંતના દવાખાનામાં કામ કાજ માટે
લેડીઝ સ્ટાફ જોઇએ છે
મળવાનો સમય : સવારે ૯ થી ૧
સાંજે : ૫:૦૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી.
ફોન (૦૨૭૯૨) ૨૩૦૩૦૦






Chhole Puri
+ Dahi Puri
+ 2 Masala Chaas
+ 2 Almond Carnival Icecream Scoop
₹520/-
₹350/-
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
02792-220867 - 95109 59954
સમય : સવારે 10:00 થી રાત્રે 11:00
ઓફર : 31-7-23 સુધી માન્ય




નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
ઉપલબ્ધ સુવિધાઓ...
• નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
• પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI • ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
• રસીકરણ કેન્દ્ર
• નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
• આહાર સંબંધીત સમસ્યાઓ
• કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



**નંદભુવન સોસાયટી**
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેક્ટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફક્ત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૯૮ ૪૯૧૯૩ ▪ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪

## કારમી મોંઘવારીમાં શિક્ષણ પાછળ દરેક પરિવારોને ભારે ખર્ચો થઈ રહ્યો છે

# પાઠયપુસ્તક મંડળ જૂના પુસ્તકો વેચીને ગોડાઉન ખાલી કરી રહ્યું છે

### જૂના પુસ્તકોમાં પેજ વધારે, નવામાં પેજ ઓછા છતાં ભાવ સરખો રાખી નફો કમાવવાનાં કૌભાંડનો આક્ષેપ

### શાળાઓ નવા પાઠયપુસ્તકો માટે વિદ્યાર્થીઓને દબાણ કરતી હોય જૂના પુસ્તકો સામે નવા પુસ્તકો વિનામૂલ્યે આપવા જોઈએ

### શિક્ષણ જેવા પવિત્ર સેવાકીય કાર્યમાં નફાખોરીનું દુષણ નેસ્તનાબુદ કરવું અત્યંત જરૂરી

### રાજયનાં શિક્ષણમંત્રી આ મહત્વનાં પ્રશ્ને વિદ્યાર્થીઓ અને વાલીઓને જરૂરી મદદ કરે : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૧૭

ગુજરાત કોંગ્રેસ સમિતિના મીડિયા વિભાગનાં કો કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પત્રકાર વાર્તાને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજય પાઠયપુસ્કત મંડળ તેના ભ્રષ્ટાચારી નીતિ રીતિ અને છબરડાઓ માટે કુખ્યાત બની ગયું છે.

વર્ષ ૨૦૨૩નાં ધોરણ–૧૦ અને ૧૨ ના પરિણામોમાં ઐતિહાસિક રીતે લાખો વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા અને શિક્ષણ બોર્ડ તથા શાળાઓએ તેમની જવાબદારીમાંથી હાથ ખંખેરી દીધા હતા. સરકારને ખબર છે કે ઓછા શિક્ષકો, લિમિટેડ રિસોર્સ અને પાયામાં સુચારૂ ભણતર આપી શકયા નથી અને પાયો મજબૂત કરી શકયા નથી માટે ૨૦૨૩ માં જે પરિણામ આવ્યું તેવું જ પરિણામ આગળ પણ આવી શકે તેમ હોય ૨૦૨૩માં અચાનક ધોરણ ૬ થી ધોરણ ૧૨ નાં પાઠયપુસ્તકોમાં ઘણા પ્રકરણો અથવા તેમાં આવતા યુનિટને ઘટાડી દેવામાં આવ્યા અને પરિપત્ર ધ્વારા જણાવવામાં આવ્યું કે, વિદ્યાર્થીઓ પર ભણતરનો ભાર ઘટાડવા માટે ધો. ૬ થી ધો. ૧૨ માં Rationalised Content in Textbooks અન્વયે પ્રકરણના કેટલાક મુદાઓ કે સમગ્ર પ્રકરણ દૂર કરેલ છે અને તે અનુસાર ઘટાડેલ પાઠય સામગ્રી મુજબ NCERT એ ધો. ૬ થી ૧૨ નાં પાઠયપુસ્તકો આ વર્ષે પ્રસિધ્ધ કરેલ છે, જે મુજબ મંડળ ધ્વારા ચાલું વર્ષે જૂન–૨૦૨૩થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષમાં ધો. ૬ થી ૧૨ નાં ગણિત અને વિજ્ઞાન વિષયનાં પાઠયપુસ્તકો મુદ્રિત કરેલા છે તે બજારમાં ઉપલબ્ધ થશે. હાલ બજારમાં, શાળાઓમાં તથા વાલી કે વિદ્યાર્થીઓ પાસે ગત વર્ષમાં અમલી મુદ્રિત થયેલા પાઠયપુસ્તકો પણ ઉપલબ્ધ હોય તો તેને પણ ચલાવવામાં આવશે.

ધો. ૬ થી ૧૦ના ગણિત અને વિજ્ઞાન વિષય તેમજ ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયનાં પાઠયપુસ્તકોમાં સામેલ પત્રકમાં દર્શાવેલ વિગત મુજબના પ્રકરણના અમુક મુદાઓ કે સમગ્ર પ્રકરણને દૂર કરવામાં આવેલા છે, જેથી ગત વર્ષમાં અમલી મુદ્રિત થયેલા સદરહું વિષયનાં પાઠયપુસ્તકો શાળા, શિક્ષક કે વિદ્યાર્થી પાસે ઉપલબ્ધ હોય તો શાળા કક્ષાએ શિક્ષક ધ્વારા સંબંધિત વિષયમાં ઘટાડેલ વિષય વસ્તુના મુદાઓ કે ઘટાડેલ પ્રકરણની વિગતો ધ્યાનમાં રાખીને પણ ઉપયોગ કરી શકાશે, શિક્ષક ધ્વારા ઘટાડેલ વિષય વસ્તુના મુદાઓની નોંધ વિદ્યાર્થીના પુસ્તકમાં કરાવવાની તકેદારી રાખવાની રહેશે.

આમ, ધો. ૬ થી ૧૦ નાં ગણિત અને વિજ્ઞાન તેમજ ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયના ઘટાડેલ પાઠયક્રમ સાથેના ચાલું વર્ષે મુદ્રિત થયેલા નવા પાઠયપુસ્તક અનુસાર શાળાઓમાં ભણાવવામાં આવે અને જો ગત વર્ષમાં અમલી મુદ્રિત થયેલા સદરહું વિષયનાં પાઠયપુસ્તકો શાળા, શિક્ષક કે વિદ્યાર્થી પાસે હોય તો શાળા કક્ષાએ શિક્ષક ધ્વારા સંબંધિત વિષયમાં ઘટાડેલ વિષય વસ્તુના મુદાઓ કે ઘટાડેલ પ્રકરણની વિગતો ધ્વાનમાં રાખીને ભણાવવામાં આવે તેવી કાળજી રાખવાની રહેશે.

આ ઘટાડેલા પાઠયક્રમના પુસ્તકો મફત અને ફરજિયાત શિક્ષણના ભાગરૂપે ગ્રાન્ટેડ શાળઓના વિદ્યાર્થીઓને મફત મોકલવાના હોય તેના બદલે પાઠયપુસ્તક મંડળના ગોડાઉનમાં પડેલા જૂના કોર્સના પાઠયપુસ્તકો શાળાઓમાં પધરાવી દીધા. અને જ પ્રમાણે ગુજરાતના ૮૦૦૦થી વધારે પુસ્તક વિતરકોને પણ જૂના કોર્સના પુસ્તકો પાઠયપુસ્તક મંડળે વેચીને નફો ઘર કરી દીધો.

એક તરફ પાઠયપુસ્તક મંડળે પેપરના ૧૦૮ રૂપિયા કિલોના ભાવે ટેન્ડર નકકી કર્યુ તેની સામે અન્ય એજન્સીએ આ જ ગુણવત્તાના પેપર સરકારના અન્ય વિભાગોને ૮૭ રૂપિયા કિલો આપ્યું અને પાઠયપુસ્તક મંડળને પાર્ટી બનાવીને હાઈકોર્ટમાં જઈને આ જ પેપર ૮૭ રૂપિયે કિલો આપવા માટે પિટિશન કરી. ત્યારે સમજી શકાય છે કે, એક જ વ્યકિતને એક જ સંસ્થાને શા માટે આ પ્રકારનું ટેન્ડર વધારે ભાવે છેલ્લા ૧૫ વર્ષથી અપાઈ રહ્યું છે.

અત્યારે બજારમાં જુના કોર્સના પુસ્તકો ઉપલબ્ધ છે અને નવા કોર્સના પુસ્તકો પણ ઉપલબ્ધ છે. ધોરણ ૧૦નાં ગણિતનાં જુના કોર્સના પુસ્તકમાં ૩૧૮ પેજ હતા (વજન–૮૩૦ ગ્રામ) અને તેની કિંમત ૧૨૬ રૂપિયા હતી નવા કોર્સમાં અભ્યાસક્રમ ઓછો કરીને ૨૩૦ પેજનું ગણિતનું પુસ્તક બનાવવામાં આવ્યું (વજન–૬૦૫ ગ્રામ) પરંતુ તેનો ભાવ ૧૨૬ રૂપિયા જ રાખવામાં આવ્યો. આમ ગુજરાત સરકારનું પાઠયપુસ્તક મંડળ વાલી અને વિદ્યાર્થીઓ પાસે નફો રળી રહ્યાં છે. આજે શાળાઓના શિક્ષકો પણ ખૂબ જ અસમંજસમાં છે કે પ્રકરણો કઈ રીતે ભણાવવા અને કેટલા પ્રકરણમાંથી કેટલા પ્રશ્નો પુછાશે. સાથે સાથે વિદ્યાર્થીઓને દબાણ કરવામાં આવે છે કે તમારી પાસે જૂના કોર્સના પુસ્તકો હોય તો તે પુસ્તકો બદલીને ફરીથી નવા અભ્યાસક્રમ પ્રમાણેના પુસ્તકો ખરીદીને લાવો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ સરકારને અપીલ કેર છે કે, ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ આજે જૂના અને નવા કોર્સના પાઠયપુસ્તકોને લઈ અસમંજસમાં છે તથા શાળાઓ માત્ર નવા જ પાઠયપુસ્તકો વસાવા દબાણ કરી રહી છે. ત્યારે સરકાર જૂના કોર્સના પુસ્તકો પાછા લઈને વિદ્યાર્થીઓને નવા કોર્સના પુસ્તકો વિનામૂલ્યે બદલી આપે જેથી કરીને તેમના ભણતર પર કોઈ અસર ન થાય અને ગત વર્ષ કરતા પરિણામમાં સુધારો આવે.

---

#### સીએસઆઇ વિભાગ દ્વારા જનસેવા

## કોવાયા : અલ્ટ્રાટેક સિમેન્ટ વર્કસ દ્વારા બહેનોને ફાયર સેફટીની ટ્રેનિંગ અપાઇ

### આસપાસના ગામોમાંથી મહિલાઓએ લાભ લીધો

કોવાયા, તા. ૧૭

અલ્ટ્રાટેક CSR દ્વારા બહેનોના સર્વાંગી વિકાસ લગતા કાર્યક્રમોનું વારંવાર આયોજન થતું રહે છે. સાથે સાથે સુરક્ષાને લઈને પણ CSR દ્વારા વિવિધ જાગૃતતા કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. તે અંતર્ગત ૧૪ જુલાઈ ૨૦૨૩ ના રોજ CSR વિભાગ દ્વારા આસપાસના ગામોની ૩૦ જેટલી બહેનોને ઘરેલુ ફાયર સુરક્ષા અંગે વિગતવાર તથા પ્રયોગાત્મક તાલીમ અપાઈ જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટના ફાયર સેફટી વિભાગ દ્વારા બહેનોને વિવિધ પ્રકારની આગ તથા આગ લાગવાના કારણો અને તેના બચાવ અંગે CSR દ્વારા તથા પ્રયોગાત્મક રીતે સમજવામાં આવ્યું. તાલીમ દરમિયાન આગ શેનાથી બને છે. આગ બનતા આસપાસ રહેલો સમાન કઈ રીતે આગને વધારવા કારણભૂત બને છે. ગેસના ઉપયોગ દરમિયાન બેદરકારીથી લાગતી આગ, ઈલેકટ્રીક સાધનોના વધારે ઉપાયો કે ખોટા જુગાડુ ઉપયોગથી લગતી આગ, મોટા ઉદ્યોગિક ક્ષેત્રમાં લગતી આગ વિશે કારણો તથા ઉપાયો બાબતમાં વિગતવાર સમજવામાં આવ્યું. આવી ઘટનાઓ સમયે શાંત મગજથી કામ લઈ આગને કાબુમાં લેવાના વિવિધ ઘરેલુ ઉપાયો જેવા કે આગને કુલિંગ પ્રોસેસ દ્વારા કાબુમાં લેવી, આગને ઓકિસજન મળતો બંધ કરી જેમ કે



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

ભીના ધાબળા, ગોદડા તથા ઘરેલુ સમાન દ્વારા સુરક્ષિત રીતે આગને કાબુમાં લેવી તથા જે તે આગ વાળા ભાગને બીજા ભાગથી દુર કરી વગેરે આગને કાબુમાં લેવાની વિવિધ પધ્ધતિઓ મીણબત્તી તથા કાચના ગ્લાસ દ્વારા પ્રયોગાત્મક રીતે પણ બતાવી સમજાવવામાં આવ્યું ફાયર સેફટીના આગ ઓલવવાના વિવિધ સાધનો જેવા કે ૦૨ નો અગ્નિશામક ફોર્મવાળુ અગ્નિશામક, પાણીવાળા અગ્નિશામક અને પાવડર વાળા અગ્નિશામકનો કેવી આગમાં શેનો ઉપયોગ કેવી રીતે કરવો વગેરે અંગેની માહિતી વિગતવાર અપાઈ અને તાલીમાર્થી બહેનો દ્વારા પ્રયોગાત્મક રીતે પણ ઉપયોગ કરી પોતાની સેફટી સાથે આગ પર કાબુ મેળવવાના ઉપાયો વિશે માહિતી અપાઈ હતી. ઘરેલુ આગ લગતા કઈ કઈ સાવચેતી મોટા નુકસાન ને રોકી શકે તે અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા.આ કાર્યક્રમમાં અલ્ટ્રાટેક કંપનીના ફાયર સેફટી ડીપાર્ટમેન્ટ તથા CSR વિભાગની ટીમ દ્વારા સફળ પ્રયાસ કરાયો.

આ કાર્યક્રમના અંતે બહેનો દ્વારા ઘરેલુ સુરક્ષા માટે આટલી વિગતવાર માહિતી આપવા બદલ આભાર વ્યકત કરતા અવારનવાર આવી જાણકારી આપતા કાર્યક્રમોનું આયોજન કરવામાં વિનંતી કરાઈ.

---

## વચગાળાની જામીન રજા પરથી ફરાર થયેલ પાકા કામના કેદી ઝડપાયા

### કેશોદનાં કરેણી માર્ગ પરથી અટકાયત



અમરેલી, તા. ૧૭

રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા કેદી કિશોર ઉર્ફે કિશલો પરશોતમભાઇ વાળા રહે. મૂળગામ–રાણીગામ (તા.જેસર જી.ભાવનગર) હાલ રહે. કેશોદ (તા.કેશોદ જી.જુનાગઢ) વાળાને સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૨)જે. તથા પોકસો એકટ કલમ ૫, ૬(એલ) મુજબના કામે ચોથા એડી. સેશન્સ કોર્ટ સાવરકુંડલા દ્વારા આજીવન કેદ તથા દંડની સજાનો હુકમ થતા મજકુર આરોપી કિશોર ઉર્ફે કિશલો પરશોતમભાઈ વાળા રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતા હોય અને ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે તે કેદીને વચગાળાનાં જામીન રજા પર દિન–૧૫ માટે મુકત કરવા હુકમ થતાં મજકુર કેદીને તા. ૨૨/૪/૨૩ના રોજ મુકત થયેલ અને મજકુર કેદી તા.૮/૫/૨૩ ના રોજ ફરાર થઈ ગયેલ હતો. જે કામે કેદી આજદિન સુધી ફરાર હતો.

જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર દ્વારા પેરોલ ફરાર કેદીઓ તથા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલીની ટીમને મળેલ ચોકકસ બાતમીના આધારે રાજકોટ મધ્યસ્થ જેલમાથી વચગાળાના જામીન રજા પરથી ફરાર થયેલ પાકા કામના કેદી કિશોર ઉર્ફે કિશલો પરશોતમભાઇ વાળાને જુનાગઢ જીલ્લાના કેશોદ ગામે આવેલ કરેણી રોડ, કામનાથ ઓઈલ મીલ પાસેથી તા.૧૬/૭/૨૩ ના રોજ પકડી પાડી બાકી રહેતી સજા ભોગવવા સારૂં રાજકોટ મધ્યસ્થ જેલને સોપવા તજવીજ કરેલ હતી.

---

#### આંત્તરરાષ્ટ્રીય ઉજવણી અંતર્ગત

## બગસરા ખાતે શ્રી અન્ન મિલેટ્સ વાનગી સ્પર્ધાનું થયું આયોજન

### અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં

બગસરા, તા. ૧૭

બગસરામાં ઘટકમાં શ્રી અન્ન મિલેટ્સ વાનગી હરિફાઈ યોજાઈ હતી. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આહવાન થકી શરૂ થયેલ આંતરરાષ્ટ્રીય ઉજવણીનાં ભાગરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજીત આઈ.સી.ડી.એસ. ઘટક બગસરામાં તાલુકા કક્ષાનો શ્રી અન્ન મિલેટ્સ વાનગી હરીફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો રંજનબેન રમેશભાઈ ગોહિલ, જિલ્લા મહિલા મોરચાનાં પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારી તથા તાલુકા હેલ્થ ઓફિસર તેમજ સીડીપીઓ બગસરા તથા એન.એન.એમ. ઓડિનેટર ડીશ્મુ, કો–ઓર્ડીનેટર પાપા પગલી ઈન્સ્પેકટર, મુખ્ય સેવિકા બહેનો, આંકડા મદદનીશ તથા વર્કર અને



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

હેલ્પર બહેનો હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવેલ.

---

#### જે પોલીસ સ્ટેશનમાં નોકરી કરી ત્યાં જ ફરિયાદ નોધાઈ

## લ્યો બોલો : પોલીસકર્મી અને જીઆરડી જવાનોએ ઝડપાયેલ દારૂનો જથ્થો બુટલેગરને વેચી માર્યો

### ગીર સોમનાથ એસપીની સુચનાથી કાર્યવાહી શરૂ

અમરેલી, તા.૧૭

ગુજરાતમાં દારૂનાં ધંધા સાથે પોલીસની સાંઠગાંઠનાં અનેક કિસ્સાઓ ભુતકાળમાં સામે આવ્યા છે. સામાન્ય રીતે પોલીસનું કામ છે કે, પોલીસ દારૂબંધીનાં કાયદાનું કડકાઈથી પાલન કરાવે. પરંતુ કેટલાક કિસ્સામાં પોલીસ જ દારૂનો ધંધો કરવા માટે બુટલેગરોને મદદ કરતી હોય છે. આવો જ એક કિસ્સો ગીર સોમનાથ જિલ્લામાં સામે આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લાનાં સુત્રાપાડા પોલીસ સ્ટેશનના કેટલાક કર્મચારીઓ દારૂનો જથ્થો જપ્ત કરીને બુટલેગરોને વેચી દેતા હોય તેવી ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાની જાણ થતાં જ જિલ્લા એસપીએ જવાબદાર પોલીસ કોન્સટેબલ અને જીઆરડી જવાનો સામે ગુનો નોંધવા આદેશ કર્યો હતો. હાલ ચારેયની ધરપકડ કરી લેવામાં આવી છે. અને કોર્ટે તેમનાં એક દિવસના રિમાન્ડ પણ મંજુર કરેલ હતા. અને રિમાન્ડ પુર્ણ થતાં જેલ હવાલે કરવામાં આવેલ હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત ૨૬ જુનનાં રોજ ગીર સોમનાથ જિલ્લાનાં સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં



ફરજ બજાવતા એક કોન્સ્ટેબલ અને ત્રણ જીઆરડી જવાનો કોડીનાર રોડ પ્રાંચી નજીક રાત્રિ દરમિયાન નાકાબંધી કરી વાહન ચેકિંગમાં હતા. તે દરમિયાન એક કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પરંતુ આ ભ્રષ્ટ પોલીસકર્મી અને જીઆરડી જવાનોની દાનત બગડી હતી. કારમાંથી દારૂ પકડાયા હોવાની જાણ ઉપરી અધિકારીને કરવાનાં બદલે દારૂનો જથ્થો જપ્ત કરી કાર ચાલકને છોડી દીધો હતો. ત્યારબાદ જપ્ત કરેલો દારૂનો અમુક જથ્થો બુટલેગરને વેચી નાખી ખિસ્સા ભરી લીધા હતા. આ ઘટનાની જાણ એક જાગૃત નાગરિકે ગીર સોમનાથ પોલીસ વડા મનોહરસિંહ જાડેજાને કરતા તેઓ સક્રિય થયા હતા. આ મામલે જવાબદાર પોલીસકર્મી અને જીઆરડી જવાન સામે તાત્કાલિક ગુનો નોંધવાનાં આદેશ આપ્યા હતા. જે ઘટનાને લઈ એક સપ્તાહ બાદ પોલીસ દ્વારા પોલીસકર્મી અને જીઆરડી જવાનો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

૩ જુલાઈનાં રોજ આ કાંડનો ખુલ્લા પાડવા સુત્રાપાડા પોલીસે નાટકીય રીતે પ્રાંચી જિલ્લા પંચાયતની ગેસ્ટ હાઉસનાં પાછળ ભાગે સંતાડેલા વિદેશી દારૂની જથ્થાની હેરાફેરી કરતા જીઆરડી જવાન દિનેશ સોલંકી અને વિજય કામળીયાને રંગેહાથ ઝડપી લીધા હતા. અને તેમની સામે ગુનો નોધ્યો હતો. જેને લઈ પોલીસે માલ લેનાર બુટલેગર હેમલની પણ ધરપકડ કીર પુછપરછ કરતા તેણે સુત્રાપાડા પોલીસ સ્ટેશન કોન્સ્ટેબલ ભાવસી બારડ અને અન્ય એક જીઆરડી જવાને દારૂનો જથ્થો વેચ્યો હોવાનું કબૂલ્યું હતું. સ્થાનિક પોલીસે પોલીસ કોન્સ્ટેબલ અને ૩ જીઆરડી સહિત ચારેય સામે ગુનો નોંધી આરોપીઓને કોર્ટમાં રજુ કર્યા હતા. જયાં કોર્ટે એક દિવસનાં રિમાન્ડ મંજુર કરેલ હતા. અને રિમાન્ડ પુર્ણ થતાં ચારેયને જેલ હવાલે કર્યા હતા.

---

#### જાગૃત નાગરિકે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## સરકારના વિભાગોમાં ખાલી પડતી જગ્યા માટે થતી ભરતીનાં નિયમોમાં ફેરફાર જરૂરી

### સમય અને નાણાનો દુરૂપયોગ અટકાવવો જરૂરી

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલાના જાગૃત નાગરિક ચિરાગ હિરપરાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,સરકાર દ્વારા સરકારનાં વિવિધ વિભાગોમાં ખાલી પડેલ જગ્યાઓ માટે જે કાયમી કર્મચારી માટે ભરતી પ્રક્રિયા કરવામાં આવે છે.તેમા જે કર્મચારી સરકારશ્રીનાં કોઈપણ વિભાગમાં કાયમી ધોરણે ફરજ નિભાવતાં હોય તે કર્મચારી પણ કોઈ સરકારશ્રીનાં વિભાગની ખાલી પડેલ જગ્યાની નવી ભરતી પ્રક્રિયા આવે તો તેમાં હાલ ભાગ લે છે. જેનાં કારણે ભરતી પ્રક્રિયાની સંખ્યામાં બહોળો વધારો થાય છે અને નવી ભરતીમાં જો તે કર્મચારીનું સિલેકશન થાય અને ત્યા તે હાજર થાય તો મુળ જે તે વિભાગની જગ્યા ખાલી થાય છે. આમ થવાથી તે મુળ જગ્યા નવી ભરતી પ્રક્રિયા સુધી ખાલી જ રહે અને સરકારશ્રીની જનતા માટે કામ કરવાની વ્યવસ્થા બગડે છે. તેમજ સમય અને નાણાનો દુર્વ્યય થતો જણાય છે અને તે જેટલી સંખ્યા બેરોજગાર પણ રહે છે.

તો સરકારી દ્વારા થતી ભરતી પ્રક્રિયા માટે નવો નિયમ એવો કરવામાં આવે કે સરકારશ્રીના કોઈ વિભાગનો કાયમી કર્મચારીને જો નવી કોઈ ભરતી પ્રક્રિયામાં ભાગ લેવો હોય તો તે મુળ જગ્યાએથી ભરતી પ્રક્રિયામાં પહેલા રાજીનામું આપીને જ લઈ શકશે. જેથી પરિક્ષાર્થીઓની સંખ્યામાં ઘટાડો થશે અને નવા નોકરી કરવા માંગતા ઉમેદવારોને તક મળશે અને ઉપર મુજબ મારા જણાવ્યા પ્રમાણે લોકોનાં કામની વ્યવસ્થાઓ જળવાય રહેશે તેમજ સમય નાણાની બચત થશે અને શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં ઘટાડો થશે તેમ અંતમાં જણાવેલ છે.

---

## સાવરકુંડલાનાં પર્યાવરણપ્રેમી સતિષભાઇ પાંડેનો આજે જન્મદિન

સાવરકુંડલા. તા.

સાવરકુંડલા શહેરના પર્યાવરણ ક્ષેત્રે આગવું નામ ધરાવતાં સતીષભાઈ પાંડેના જન્મદિવસ નિમિત્તે શહેરના અગ્રણીઓ તથા મિત્રવર્તુળ દ્વારા શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

સાવરકુંડલા શહેરમાં પ્રકૃતિ અને પર્યાવરણ સંદર્ભે એક નવી દિશા પ્રદાન કરનાર જીવદયા અને પર્યાવરણ ક્ષેત્રે આગવું નામ ધરાવતાં હનુમાનના હુલામણા નામથી પ્રચલિત સતીષભાઈ પાંડેનો આજે જન્મ દિવસ હોય સાવરકુંડલાના અગ્રણીઓ



તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. સતીષભાઈ પોતે મિતભાષી અને મિલનસાર વ્યક્તિત્વ ધરાવતાં હોવાથી તેમનો એક વિશાળ ચાહક વર્ગ પણ ધરાવે છે.

## તાપડીયા આશ્રમ ખાતે થનારા ધાર્મિક આયોજનની તડામાર તૈયારીઓ

# બાબરામાં તા. ૨૧ થી ૩૧ જુલાઈ સુધી ''શ્રી શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ'' યોજાશે

**પ્રથમ દિવસે બપોરે ૨ કલાકે રામજી મંદિર કાંકરીયા ચોરાથી દિવ્ય અને ભવ્ય પોથીયાત્રાનું પ્રસ્થાન થશે**

**કથા દરમિયાન શિવ વિવાહ તેમજ ભગવાન શિવનાં વિવિધ અવતારોનું પ્રાગટય મહોત્સવ યોજાશે**

**વ્યાસપીઠ પરથી વિદ્વાન શાસ્ત્રી જીતુદાદા જોષી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાશવે**

**સ્થાનિક સેવક અને મંડળનાં સભ્યો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી**


બાબરા, તા. ૧૭


બાબરામાં જુના તાપડીયા આશ્રમ ખાતે આગામી તા. ૨૧ થી ૩૧ જુલાઈ દરમિયાન શ્રી તાપડેશ્વર મહાદેવનાં સાનિધ્યમાં શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાનું દિવ્ય આયોજન સ્થાનિક સેવક સમુદાય અને મંડળનાં મિત્રો ધ્વારા કરવામાં આવ્યું છે.


દિવ્ય કથાના વ્યાસાસને બાબરાનાં યુવાન શાસ્ત્રી શ્રી જીતુદાદા બિરાજી કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે. ભગવાન શિવની અતિ મંગલકારી અને પાવનકારી કથામાં આવતા સદાશિવના વિવિધ અવતાર તેમજ વિશ વિવાહ સહિતના ધાર્મિક પ્રસંગોની કથા દરમિયાન ભવ્ય અને દિવ્ય રીતે ઉજવણી કરવામાં આવશે.

તા. ૨૧ને શુક્રવારના રોજ બપરોનાં ૨ કલાકે અહી કાંકરીયા ચોરા રામજી મંદિરથી જુના તાપડીયા આશ્રમ સુધી ભવ્ય અને દિવ્ય પોથીયાત્રા નીકળશે જેમાં શહેરના લોકો અને ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં જોડાશે.

પૂજય બ્રહ્મલીન મહંત શ્રી તાપડીયા બાપુ, પૂજય દયારામબાપુ અને પૂજય ઘનશ્યામદાસ બાપુના રૂડા આશીર્વાદ સાથે કથાનો મંગલ પ્રારંભ થશે. દરરોજ બપોરે ૩ થી ૬ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. બાબરા









શહેર તેમજ આસપાસની ધર્મપ્રેમી જનતાને ભગવાન શિવની કથાનું રસપાન કરવા સ્થાનિક સેવાકીય મંડળના મિત્રો ધ્વારા જાહેર અનુરોધ કરેલ છે તેમજ કથા દરમિયાન દરરોજ રાત્રીના ધૂન, ભજન અને રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

જુના તાપડીયા આશ્રમ ખાતે સ્થાનિક સેવક તેમ મંડળના સભ્યો ધ્વારા જોરશોરથી તૈયારીઓ કરવામાં આવી રહી છે.

---

### સ્થાનિક યુવાનોનાં સશક્તિકરણ અને પરિવર્તન હેતુસર

# પિપાવાવ એપીએમ ટર્મિનલ્સ દ્વારા યુથ સ્કિલ્સ-ડેની ઉત્સાહભેર ઉજવણી

**જવાબદાર કોર્પોરેટ સિટિઝન દ્વારા પ્રેરણાદાયી કાર્ય**

પિપાવાવ, તા.૧૭

ભારતનાં અગ્રણી પોર્ટ ટર્મિનલ્સ ઓપરેટર એપીએમ ટર્મિનલ્સ પિપાવાવે ૧૫ જુલાઈ-૨૦૨૩ ના રોજ રોજગારી અને ઉદ્યોગસાહસિક માટે સ્થાનિક યુવાનો, શિક્ષકો એન તાલીમાર્થીઓને કૌશલ્ય વિકાસ ઉપ કેન્દ્રિત પ્રવૃતિઓમાં સાંકળીને વર્લ્ડ યુથ સ્કિલ્સ-ડેની ઉજવણી કરી હતી.આ કાર્યક્રમનો ઉદેશ્ય યુવાનોને સતત વિકસતી દુનિયામાં આગળ વધવા તેમજ તેમનાં સમુદાયોમાં યોગદાન આપવા માટે જરૂરી ઉપકરણો અને જ્ઞાનથી સજજ કરવાનો હતો.



એપીએમ ટર્મિનલ્સની યુવાનોને સશકત કરવાની કટીબદ્ધતા રાજુલામાં તેના સ્કિલ એન્ડ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયુટ (એસઈડીઆઈ) દ્વારા પ્રદર્શિત થાય છે, જેણે વિવિધ ટ્રેડમાં ૨૦૦૦ થી વધુ યુવાનોને તાલીમ આપી છે તેમજ તેના એજયુકેશનલ પ્રોજેકટમાં આવશ્યક કૌશલ્યોને સંકલિત કરીને ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને માતા-પિતાને લાભ આપ્યો છે. દર વર્ષે યોજાતા વર્લ્ડ યુથ સ્કિલ્સ ડે ગુણવતાયુકત રોજગાર અને ઉદ્યોગસાહસિકતા માટે કૌશલ્યોથી યુવાનોને સજજ કરવાની વ્યૂહાત્મક મહત્વતા ઉપર ભાર મૂકે છે.

એક જવાબદાર કોર્પોરેટ સિટિઝન તરીકે એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ યુવાનોની આકાંક્ષાઓને સપોર્ટ કરવા તથા ટકાઉ આર્થિક વૃદ્ધિ માટે કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા સમર્પિત રહયું છે. કૌશલ્ય તાલીમ અને શૈક્ષણિક પ્રવૃતિઓમાં રોકાણ દ્વારા કંપની આગામી પેઢીનાં ઉજજવળ ભવિષ્યને આકાર આપી રહી છે.

---

# વીજપડી ગામે માધવ સેવા ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે શ્રી માધવ સેવા ટ્રસ્ટ દ્વારા ૧૦૮ મો, નેત્ર નિદાન કેમ્પ તથા હોમિયોપેથિક ડોકટર પ્રકાશભાઈ તથા સુદર્શન નેત્રાલય અમરેલી તથા લાયન્સ કલબ અમરેલીના સહયોગથી યોજાયો હતો. આ કેમ્પ વીજપડી આહીર સમાજની વાડીમાં દાતા જગદીશભાઈ કે. ગુજર તેમજ મનસુખભાઈ કે. ગુર્જર, પી.આઈનાં વરદ હસ્તે દીપ પ્રાગટય કરી ખુલ્લો જાહેર કરવામાં આવ્યો. આ કેમ્પમાં સુદર્શન નેત્રાલયના કીર્તિદાદા તેમજ તેમની ટીમ દ્વારા ૨૨૫ દર્દીઓએ સારવારનો લાભ લીધેલ.

જેમાં ૪૫ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે સ્પેશિયલ વાહન મારફતે અમરેલી લઈ જવાયા તેમજ હોમિયોપેથિક ડોકટર પ્રકાશ ગુંદરણીયા ૧૨૫ દર્દીઓને તપાસેલ, તમામ દર્દીઓને વિનામૂલ્ય દવા પણ આપવામાં આવેલ. આ કેમ્પમાં આવનાર તમામ દર્દીઓને ચા, પાણી, નાસ્તો તેમજ બપોરનું ભોજન દાતા તરફથી આપવામાં આવેલ. આ કેમ્પમાં લાયન્સ કલબના જીતુભાઈ ડેર, અમરેલી જિલ્લાના આરોગ્ય ખાતાના ચેરમેન તેમજ તેમની ટીમ દ્વારા સારી મહેનત કરી આ કેમ્પને સફળ બનાવવામાં માધવ સેવા ટ્રસ્ટના તમામ સદસ્યઓ હાજર રહી કેમ્પને સફળ બનાવેલ. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

---

### છુટાછેડા અટકાવી ૨ વર્ષ બાદ સુખદ સમાધાન

# અમરેલીમાં પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર દ્વારા પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન

**પરિવારજનોએ મહિલા સહાયતા કેન્દ્રનો આભાર માન્યો**

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લાનાં એક ગામનાં મહિલા કે જેમના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતા. પરંતુ લગ્ન બાદ ઘરમાં સાસુ-સસરા અને પતિ દ્વારા અવાર-નવાર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવતો અને એક વખત તો આ મહિલા ચાલતી ગાડીમાંથી પડી જતા તેમને દવાખાને લઈ જવાને બદલે ઘરે લઈ જઈ માર મારી ગાળો પણ દીધેલ હતી. અને ચાર દિવસ સુધી ગંભીર ઈજા હોવા છતાં દવાખાને લઈ ગયેલ નહીં જેથી આ મહિલા છેલ્લા ૨ વર્ષથી તેના પિયરમાં રિસામણે આવી ગયા હતા. અને ત્યારબાદ સમાધાન માટે તેમના પતિ આવ્યા નહી અને વારંવાર તેણીનાં પતિ એવું કહેતા હતા કે મારે હવે છુટાછેડાનું જોઈએ છે પણ આ મહિલા ત્યાં જ જાવા માંગતા હતા.

તેઓની અંગે બેઠક થઈ અને એમાં છુટાછેડાનું નકકી થતુ હોય પણ મહિલાનું મન તેના પતિ સાથે જવામાં હતું. જેથી તેમણે એક લેખિત અરજી મહિલા સહાયતા કેન્દ્રમાં આપેલ અને આ અરજી અનુસંધાને તે મહિલાના



પતિ અને સાસરિયા વાળાઓને બોલાવવામાં આવ્યા અને તેમની ત્રણ મિટિંગો કરી અને મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર પારૂલબેન મહિડા અને રોશનીબેન મચ્છરના યોગ્ય કાઉન્સેલિંગ દ્વારા મહિલાનાં પતિને સમજાવવામાં આવ્યા અને મહિલા સંબંધી કાયદાઓ અંગે માહિતી આપી. ઘણા લાંબા ગાળાનાં કાઉન્સેલિંગ બાદ પ્રયત્નથી મહિલાના પતિ સમજી જતા પતિ પત્નીનું તેમનાં માતા-પિતા વડીલો અને સામાજિક આગેવાનોની હાજરીમાં સુખદ સમાધાન થયું. અને મહિલાને કાઉન્સેલર દ્વારા કહેવામાં આવેલ કે ભવિષ્યમાં પણ તેમનું ફોલોઅપ લેવામાં આવશે જેથી આગળ તમારો સંસાર કેવો ચાલી રહયો છે. તેની માહિતી મળતી રહે.

આ કેસમાં પતિ-પત્ની બંન્નેનાં માતા-પિતા તેઓનાં વડીલો સાથે આવેલા સામાજિક આગેવાનોએ તમામ લોકોએ મહિલા સહાયતા કેન્દ્રનો ખુબ આભાર માનેલ છે. અને કામગીરીની પ્રશંસા કરવામાં આવી.





**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** ૧૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ**

મેડીકલેઈમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ

ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ

**સંજય ટાયર્સ** બસ સ્ટેશન રોડ, અમરેલી.

**સંજય ટ્રેડ લીંક** ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

**પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે**

શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ

સ્પે. માવાના પેંડા

ડ્રાયફ્રુટ ફરાળી **ચેવડો**

બટેટા વેફર્સ કેળા વેફર્સ

હાજરમાં મળશે

**શિવ** નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### હવામાન વિભાગની રાજ્યમાં વરસાદને લઈને આગાહી

# રાજ્યભરમાં વરસાદનો જોરદાર રાઉન્ડ શરૂ થશે

## બુધવારે અમદાવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લામાં વરસાદની સંભાવના

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં બુધવારથી ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આઈએમડીદ્વારા ૧૭ જુલાઈથી ૨૧ જુલાઈ સુધી ૫ દિવસ ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા ભડાકા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ દરમિયાન ૩૦-૪૦ કિમીની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. અમદાવાદ શહેર અને ગુજરાતના અન્ય ભાગોમાં બુધવારથી ભારે વરસાદ થવાની સંભાવના છે, રવિવારે ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા આગાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રવિવારે શહેરમાં મહત્તમ તાપમાન ૩૫સેલ્સિયસનોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૧.૭સેલ્સિયસવધારે હતું. આગાહી મુજબ મંગળવારે ભરૂચ, સુરત, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદ બાદ બુધવારે નર્મદા, તાપી, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર, ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં વ્યાપક વરસાદ પડશે. નોંધનીય છે કે, રવિવારે દાહોદમાં સાંજના ૬ વાગ્યા સુધી ૩૬ મીમી અને ધોલેરા અને ગરબાડામાં ૩૧ મીમી વરસાદ નોંધાયો હતો.

૧૮ જુલાઈઃ નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની સંભાવના છે. જ્યારે ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગરમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

૧૯ જુલાઈઃ નવસારી, વલસાડ, ભરૂચ, સુરત, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી છે.

૨૦ જુલાઈઃ નર્મદા, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી અને ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદ, જ્યારે ખેડા, અમદાવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, જુનાગઢ અને ગીર સોમનાથમાં ભારે વરસાડ પડી શકે છે. ૨૧ જુલાઈઃ સુરત, નવસારી, જામનગર, પોરબંદર, દ્વારકામાં ભારેથી અતિભારે જ્યારે અમદાવાદ, આણંદ, ભરૂચ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, સુરેન્દ્રનગર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ છે. દરમિયાન સુરતમાં ભારે વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા અને ટ્રાફિક જામ થયો હતો. સારોલીના ટેક્સટાઈલ હબને ખાસ કરીને ભારે ફટકો પડ્યો હતો, જેમાં કાપડ વહન કરતી ટ્રકો ટ્રાફિક જામમાં ફસાઈ હતી. પાણી ભરાવાને કારણે શહેરની વાહનવ્યવહાર વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી, જેના કારણે લોકોને ફરવું મુશ્કેલ બન્યું હતું. ટેકસટાઈલ ઉદ્યોગ અને તેમની આજીવિકા પર અસર થવાના ડરથી, પાણીનો ભરાવો વધુ ખરાબ થતાં સ્થાનિકો ડરી ગયા હતા.

### સીમા વિશે યુપી એટીએસએ તપાસ શરૂ કરી

# પાકિસ્તાની સીમા હૈદરને યુપી એટીએસ ઉપાડી ગઈ

## ઉત્તરપ્રદેશ એટીએસ સીમાનું પાકિસ્તાનથી યુપી આવવું અને તેના કોન્ટેક્ટ વિશે વિસ્તૃત તપાસ કરી રહી છે

નોઈડા, તા.૧૭

પાકિસ્તાની સીમા હૈદરની ફરી એક વખત ધરપકડ થઈ શકે છે. પાકિસ્તાની નાગરિક સીમા વિશે યુપી એટીએસએ તપાસ શરૂ કરી દીધી છે. યુપી એટીએસ સીમા હૈદરને પૂછપરછ માટે અજાણ્યા સ્થળે લઈ ગઈ છે. યુપી એટીએસકેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ સાથે કોઓર્ડિનેશન કરીને સીમાનું પાકિસ્તાનથી યુપી આવવું અને તેના કોન્ટેક્ટ વિશે તપાસ કરી રહી છે. આ મામલે તપાસ કરી રહેલા નોઈડા અને ગાઝિયાબાદ પોલીસ કમિશનરેટે કેટલીક મહત્વપૂર્ણ માહિતી જાણવા માટે યુપી એટીએસપર તકનીકી મદદ માંગી છે.

સૂત્રોનું માનીએ તો એટીએસકેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ સાથે મળીને સીમાના પાકિસ્તાનથી દુબઈ અને ફી નેપાળના રસ્તે ભારત આવવાના સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે. સીમા જ્યારે ભારત આવી ત્યારે તેણે જે મોબાઈલ નંબરનો ઉપયોગ કર્યો હતો તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે સીમા સચિન સાથે સંપર્કમાં ક્યારથી હતી અને બંને વચ્ચે વાતચીત કરવા માટે કયા મોબાઈલ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ મામલે કોઈની મદદ વગર સીમા હૈદરની દુબઈ થઈને નેપાળ આવવા પર સરળતાથી બહારથી પ્રવેશ કરવાની થિયોરી ગળે નથી ઉતરી રહી. તપાસ એજન્સીએ તેન જૂના મોબાઈ નંબર વિશે જાણવા માટે પણ તપાસ હાથ ધરી છે.

સૂત્રોનો દાવો છે કે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી પાકિસ્તાનમાં પોતાના સંપર્કો દ્વારા સીમા હૈદરના સંપૂર્ણ પ્રોફાઈલ વિશે તપાસ કરી છે. તેના ઘર અને પરિવાર વિશે પણ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. કેન્દ્રીય એજન્સીઓની તપાસ શરૂ કર્યા બાદ નોઈડા પોલીસે સીમા યાદવના જામીન રદ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પોલીસને આશંકા છે કે સીમાએ પુરાવાઓને પ્રભાવિત કરી શકે છે અથવા ફરાર થઈ શકે છે. કાનૂની સલાહ લીધા બાદ પોલીસે જામીન નામંજૂર કરાવવા માટે કોર્ટમાં અરજી કરવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. આવી સ્થિતિમાં જો સીમા પર કાયદાકીય સકંજો કસવામાં આવશે તો સચિનની મુશ્કેલી વધી શકે છે.

### શનિવાર અને રવિવારનું વેકેશન જાહેર કર્યું

# અમેરિકાની મંદીના કારણે હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ

## રશિયા અને યુક્રેનના યુદ્ધ સાથે કેટલાક દેશોના પ્રતિબંધને લઈને પરબ ડાયમંડ સુરતમાં આવતા નથી, જેને લઇને મંદી સતત વધી રહી હોય તેવું સ્પષ્ટપણે માનવું છે

સુરત, તા.૧૭

ડાયમંડ ઉદ્યોગના વેપાર પર મંદીના વાદળો ઘેરાયા છે. ડાયમંડ ટ્રેડિંગની ઓફિસોમાં માલ ખૂટી પડતાં હવે સુરત ડાયમંડ ઉદ્યોગમાં શનિ-રવિનું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. અમેરિકામાં આવેલી મંદીની અસર સુરતના ડાયમંડ જોબ પર જોવા મળી રહી છે. આમ, ડાયમંડ ઉદ્યોગમાં છેલ્લા એક વર્ષથી મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ડાયમંડ સિટી તરીકે ઓળખાતા સુરતના ડાયમંડ ઉદ્યોગને મંદીનું ગ્રહણ લાગ્યું હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા એક વર્ષની મંદીના માહોલમાંથી પસાર થયેલા ડાયમંડ ઉદ્યોગની સ્થિતિ દિવસેને દિવસે લથડી રહી છે. કારણ કે ડાયમંડ ટ્રેડિંગ ઓફિસમાં માલ ખૂટી પડતાં હવે ડાયમંડ ઉદ્યોગની ગતિ ધીમી થઈ છે. કોરોના સમયે ડાયમંડ એક્સપોર્ટનો ઉદ્યોગ હવે મંદીના માહોલમાંથી પસાર થઈ રહ્યો છે.

ખાસ કરીને પોલિશિંગ માટે સુરતનો ઉદ્યોગ જાણીતો હતો, ત્યારે અમેરિકામાં મંદીનું વાતાવરણ ઊભું થતાં તેની સીધી અસર હવે સુરતના ડાયમંડ ઉદ્યોગ પર જોવા મળી રહી છે. હીરાનું કટ એન્ડ પોલિસીંગ કરતાં નાના યુનિટમાં કલાકો ઘટાડવામાં આવ્યા છે તો કારીગરોને કામ મળી રહે અને આર્થિક સંકળામણ ન અનુભવે તે માટે હવે શનિ-રવિની રજાની પણ જાહેરાત કરવામાં આવી છે.

ડાયમંડ ઉદ્યોગ જે પ્રકારે મંદીના માહોલ વચ્ચેથી નીકળી રહ્યું છે ત્યારે આ મંદી ઓછી થવાનું નામ નથી લઈ રહી. કારણ કે, રશિયા અને યુક્રેનના યુદ્ધ સાથે કેટલાક દેશોના પ્રતિબંધને લઈને પરબ ડાયમંડ સુરતમાં આવતા નથી, જેને લઇને મંદી સતત વધી રહી હોય તેવું સ્પષ્ટપણે માનવું છે.

### ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ કારોબારી દિવસ શાનદાર તેજી

# શેરબજારમાં તેજી, રોકાણકારોની સંપત્તીમાં ૫ લાખ કરોડોનો વધારો

## સેન્સેક્સ ૫૨૯.૦૩ પોઇન્ટ વધીને ૬૬,૫૮૯.૯૩ પોઇન્ટ, નિફ્ટી ૧૫૬.૬૫ પોઇન્ટ વધીને ૧૯,૭૨૧.૧૫ પોઇન્ટની નવી રેકોર્ડ ઊંચાઈ પર બંધ રહ્યા

મુંબઈ, તા.૧૭

ભારતીય શેરબજાર માટે સપ્તાહનો પ્રથમ કારોબારી દિવસ શાનદાર તેજીમય રહ્યો. સવારે તેજી સાથે માર્કેટની શરૂઆત થઈ હતી અને દિવસભર આ ટ્રેન્ડ જળવાઈ રહ્યો. આજે પણ સેન્સેક્સ અને નિફ્ટી વધારા સાથે નવી રેકોર્ડ ઊંચાઈ પર બંધ રહ્યા હતા. રોકાણકારોની ખરીદી નીકળતાં બજારને સપોર્ટ મળી રહ્યો છે, જેના કારણે રોજ નવી ઊંચાઈ સ્પર્શી રહ્યું છે. આજે તમામ સેક્ટર લીલા નિશાનમાં બંધ થયા હતા. રોકાણકારોની સંપત્તિ વધીને ૩૦૩.૬૦ લાખ કરોડ પર પહોંચી છે. ગત સપ્તાહના અંતિમ કારોબારી દિવસ શુક્રવારે રોકાણકારોની સંપત્તિ વધીને ૨૯૮.૫૭ લાખ કરોડ હતી. એક જ કારોબારી દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં ૫ લાખ કરોડનો વધારો થયો છે. ભારતીય શેરબજારના સૂચકાંક સેન્સેક્સ ૫૨૯.૦૩ પોઈન્ટ વધીને ૬૬,૫૮૯.૯૩ પોઈન્ટ અને નિફ્ટી ૧૫૬.૬૫ પોઈન્ટ વધીને ૧૯,૭૨૧.૧૫ પોઈન્ટની નવી રેકોર્ડ ઊંચાઈ પર બંધ રહ્યા હતા. બેંક નિફ્ટી પણ ૬૯.૦૨૦ પોઈન્ટ વધીને ૪૫,૫૦૯.૫૦ પોઈન્ટ પર બંધ રહી શુક્રવારે ૫૦૨.૦૧ પોઈન્ટના ઉછાળા સાથે સેન્સેક્સ બંધ રહ્યો હતો. બે કારોબારી સત્રમાં સેન્સેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો વધારો થયો છે.

બેંકિગ સ્ટોકસમાં ખરીદીના કારણે સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે ફરી એક વખત ભારતીય શેરબજાર રેકોર્ડ ઊંચાઈ પર બંધ થયું છે.

બેંકિંગ શેર્સમાં ખરીદીના કારણે આજે બેંક નિફ્ટીમાં આશરે ૭૦૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો. આજે ૨૦૧૩ શેર વધ્યા, ૧૫૫૯ શેર ઘટ્યા અને ૧૭૪ શેરમાં કોઈ બદલાવ ન થયો. સેન્સેક્સના ૩૦ શેરમાંથી ૧૮માં તેજી અને ૧૨માં ઘટાડો જોવા મળ્યો. જ્યારે નિફ્ટીના ૫૦માંથી ૩૧ શેર વધારા અને ૧૯ શેર ઘટાડા સાથે બંધ થયા. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ડો, રેડ્ડીઝ લેબ, વિપ્રો, ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેંક નિફ્ટીના ટોચના વધનારા શેર્સ હતા. જ્યારે હીરો મોટો કોર્પ, ઓએનજીસી, ભારતી એરટેલ, ટાટા મોટર્સ અને જેએસડબલ્યુ સ્ટીલ નિફ્ટીના ઘટનારા શેર્સ હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧ ટકા વધ્યો.
આજના કારોબારની શરૂઆત જોરદાર ઉછાળા સાથે થઈ હતી અને એનએસઈનિફ્ટી ૪૭.૬૫ પોઈન્ટ્સ વધારા સાથે ૧૯,૬૧૨.૧૫ ના રેકોર્ડ હાઈ પર ખુલ્યો હતો. બીએસઈનો સેન્સેક્સ પણ ૮૭.૨૮ પોઈન્ટ એટલે કે ૦.૧૩ ટકાના વધારા સાથે ૬૬,૧૪૮.૧૮ પર ખુલ્યો હતો.

### હાલના દિવસોમાં વાઈરલ કનઝંક્ટીવાઈટીસના કેસમાં વધારો

# ચોમાસુ આવતા જ આંખ આવવાના કેસમાં વધારો

રાજકોટ, તા.૧૭

ચોમાસાની સીઝન શરૂ થઈ ગઈ છે અને રાજ્યમાં અવિરત વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આંખ આવવાના એટલે કે 'વાઈરલ કંઝકટીવાઈટિસ'ના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. સૌથી વધુ અમદાવાદ, સુરત અને ભાવનગરમાં કેસ સામે આવી રહ્યા છે. ત્યારે રાજકોટમાં પણ આ પ્રકારના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. જો કે સુરત અને અમદાવાદ જેટલા કેસ રાજકોટમાં નથી પરંતુ ૨૦ થી ૨૫% જેટલો વધારો જરૂરથી રહ્યો છે

હાલ ચોમાસાને કારણે ભેજવાળું વાતાવરણ હોવાથી આ ઈન્ફેક્શન ઝડપથી ફેલાય છે. ચોમાસુ અને ભેજવાળું વાતાવરણ એ વાઈરલ ઈન્ફેક્શનની મનપસંદ ઋતુ હોય છે જેથી તેના કેસ ચોમાસામાં વધુ આવતા હોય છે.

જો ઉપર દર્શાવેલ લક્ષણોમાંથી કોઈ લક્ષણ દેખાય તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં જઈને નિદાન કરાવી સારવાર લેવી જરૂરી છે. જેને લઈને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો,સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલ તથા સિવિલ હોસ્પિટલ ખાતે 'વાઈરલ કંઝકટીવાઈટિસ'ની સારવાર માટે વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. જો ૫ દિવસ સુધી કોઈ સુધારો ન જણાય તો આંખના નિષ્ણાત ડૉક્ટર પાસે નિદાન કરાવવું ખૂબ જ જરૂરી છે. 'વાઈરલકંઝકટી વાઈટિસ' થી બચવા માટે સૌથી મહત્વની વ્યક્તિગત સ્વચ્છતા છે. જેમાં હાથ મો ચોખ્ખા રાખવા, ભીડ વાળી જગ્યાએ સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવું, સમયાંતરે સાબુ અથવા હેન્ડવોશથી હાથ સાફ રાખવા.

જો આ બાબતોનું ધ્યાન રાખીએ તો 'વાઈરલ કંઝકટીવાઈટિસ'થી બચી શકાય છે.જેમને 'વાઈરલ કંઝકટીવાઈટિસ' થયું હોય તેમણે સૂર્યપ્રકાશથી બચવા ગોગલ્સ પહેરવા, સફેદ સુતરાઉ રૂમાલથી આંખ ઢાંકવી. પરિવારના અન્ય લોકોને ચેપ ન લાગે તે માટે પોતાના રૂમાલ, નાહવા માટેના ટુવાલ અને વ્યક્તિગત વપરાશની વસ્તુ અલગ રાખવી જોઈએ. જેથી અન્ય લોકોને ચેપ ન લાગે. જો કે 'વાઈરલ કંઝકટીવાઈટિસ'ની અસર ઓછા સમય માટે રહેતી હોવાથી ગભરાવાની જરૂર નથી. માત્ર તકેદારી રાખવાની જરૂર છે.

### ગુજરાત રાજ્યસભાની ચૂંટણીમાં ત્રણેય ઉમેદવાર બિન હરીફ

# સંસદના ચોમાસુ સત્રમાં ત્રણ સાંસદ શપથ લેશે

## વિદેશમંત્રી એસ.જયશંકર, કેસરીદેવસિંહ ઝાલા અને બાબુભાઈ દેસાઈ પણ બિનહરિફ ચૂંટાઈ આવ્યા

નવી દિલ્હી, તા.૧૭

ગુજરાત રાજ્યસભાની ચૂંટણીને લઈને ભાજપના ત્રણેય ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે. અહીં રાજ્યસભા ઉમેદવાર તરીકે ઊભા રહેલા વિદેશમંત્રી એસ.જયશંકર ફરી એકવાર રાજ્યસભા ઉમેદવાર તરીકે બિનહરિફ ચૂંટાયા છે.

જ્યારે તેમની સાથે અન્ય બે ભાજપ ઉમેદવારો કેસરીદેવ સિંહ ઝાલા અને બાબુભાઈ દેસાઈ પણ બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. ૨૦ જુલાઈથી શરૂ થનારા સત્રમાં આ ત્રણેય સાંસદની શપથવિધિ થશે. કોંગ્રેસમાંથી આ વખતે એક પણ ફોર્મ ભરવામાં આવ્યા ન હતા. ગુજરાતની રાજ્યસભાની ત્રણ બેઠકો માટેની ચૂંટણી ૨૪ જુલાઈએ યોજાવાની હતી. પરંતુ હવે ત્રણેય ઉમેદવારો બિનહરિફ ચૂંટાઈ આવ્યા છે. કેસરીસિંહ ઝાલાના પિતા દિગ્વિજયસિંહ કોંગ્રેસની સરકારમા ભારતના પ્રથમ પર્યાવરણ મંત્રી હતા. તેઓ મુંબઈ રહે છે.

કેસરીસિંહ ઝાલાના લગ્નમાં વડાપ્રધાન મોદીએ પણ હાજરી આપી હતી. એમના કાકા રણજીતસિંહ હાલ ઉંમર ૮૩ વર્ષના છે અને રાજસ્થાનમા રહે છે. બાબુભાઈ દેસાઈ પૂર્વ ધારાસભ્ય છે. તેઓ વર્ષ ૨૦૦૭માં બનાસકાંઠાની કાંકરેજ બેઠક પરથી જીત્યા હતા.

આ સિવાય તેઓ વર્ષ ૨૦૧૨થી ગુજરાત પ્રદેશ ભાજપના ગૌ સંવર્ધન સેલના કન્વીનર રહ્યા હતા. બાબુભાઈ દેસાઈ કાંકરેજ તાલુકાના ઉબરી ગામના વતની છે. તેઓએ ઓલ્ડ SSC ઉપરાંત અંગ્રેજી મીડિયમમાં સ્ટેનોગ્રાફીનો અભ્યાસ કર્યો છે.

### કોલેજની ડિગ્રી ગુજરાત પૂરતી મર્યાદિત

# કેન્દ્ર સરકારે ગુજરાતની 3 નર્સિંગ કોલેજની માન્યતા રદ કરી

## કેન્દ્ર સરકારે નડિયાદની દિનશા પટેલ કોલેજ તેમજ અમદાવાદની તક્ષશિલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ કોલેજ અને અમદાવાદ સ્થિત પંચામૃત નર્સિંગ કોલેજની માન્યતા રદ કરી છે

અમદાવાદ, તા.૧૭

કેન્દ્ર સરકારે ગુજરાતની ૩ નર્સિંગ કોલેજની માન્યતા રદ કરી છે. નડિયાદની દિનશા પટેલ કોલેજ તેમજ અમદાવાદમાં તક્ષશિલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ કોલેજની તેમજ અમદાવાદ સ્થિત પંચામૃત નર્સિંગ કોલેજની માન્યતા રદ કરી છે.

માન્યતા રદ થયેલી કોલેજના વિદ્યાર્થીઓની ડિગ્રી ફક્ત ગુજરાત પુરતી જ માન્ય રહેશે અત્રે જણાવીએ કે, રાજ્ય અથવા દેશ બહાર આ કોલેજની ડિગ્રીનો ઉપયોગ નહી થઈ શકે. આ ત્રણેય કોલેજ હવે માત્ર ગુજરાત સરકાર હસ્તગત જ રહેશે. સંબંધિત વિભાગને તારીખ ૨૬/૦૪/૨૦૨૨ના નિરીક્ષણ રીપોર્ટના અવલોકન આધીન દિનશા પટેલ કોલજમાં કેટલી ખામીઓ સામે આવી હતી જે ખામીઓ શિક્ષણ સુવિધા સંબંધિત છે. આ ખામીઓને લઈ આ સંસ્થા એએનએમ અભ્યાસક્રમ ચલાવવા માટે અસમર્થ છે તેવો કેન્દ્ર સરકારના ધ્યાને આવ્યું છે.

### સરકારના આ પગલાંથી લોકોને રાહત

# ઘણા રાજ્યોમાં ટામેટાં સસ્તા થતા લોકોને રાહત થઈ

## ટામેટાંના ભાવ ૩૫-૪૦ રૂપિયા સસ્તા થયા છે, જ્યાં ૧૫ જુલાઈ સુધી ટામેટાંના ભાવ ૯૦ રૂપિયા પ્રતિ કિલો છે

નવી દિલ્હી, તા.૧૭

ટામેટાંના ઊંચા ભાવને ઘટાડવાના પ્રયાસરૂપે કેન્દ્ર સરકારે સરકારી સહકારી સંસ્થાઓને સસ્તા દરે ટામેટાં વેચવાની સૂચના આપી છે. NCCF અને NAFED જેવી સહકારી સંસ્થાઓમાં અગાઉ ટામેટાં ૯૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતા હતા અને હવે તેમાં વધુ ૧૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે, ત્યારબાદ તે ૮૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

ખાસ કરીને દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પટનામાં ટામેટાં સસ્તા ભાવે વેચાઈ રહ્યા છે, જેના કારણે ગરીબ લોકોને વધેલા ભાવથી થોડી રાહત મળી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર ટામેટાંના ભાવ લોકોની પહોંચની બહાર જતા જોઈને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ હતી અને ટામેટાંના જથ્થાબંધ ભાવને નીચે લાવવા માટે પગલાં લેવાયા હતા. ટામેટાંના ભાવ ઘટાડવાના પ્રયાસની અસર મુખ્યત્વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને બિહારમાં જોવા મળી રહી છે અને હવે આ શાકભાજી અહીં રૂ. ૮૦ પ્રતિ કિલોના ભાવે મળે છે. કન્ઝ્યુમર અફેયર્સ મિનિસ્ટરનું કહેવું છે કે "સરકારના પગલાને કારણે જ જનતાને મોંઘા ટામેટાંથી રાહત મળી છે,

ત્યારબાદ ટામેટાંના ભાવ ૩૫-૪૦ રૂપિયા સસ્તા થયા છે. જ્યાં ૧૫ જુલાઈ સુધી ટામેટાંના ભાવ ૯૦ રૂપિયા પ્રતિ કિલો છે.જ્યારે બીજા દિવસે એટલે કે ૧૬ જુલાઈ રવિવારના રોજ આ ભાવ ઘટીને ૮૦ રૂપિયા પ્રતિ કિલો કરવામાં આવ્યા છે. પહેલા ૧૩૦-૧૫૦ રૂપિયા પ્રતિ કિલો ટામેટાં વેચાતા હતા. જો કે વધતાં ભાવમાં ઘટાડો થતાં લોકોને થોડી રાહત મળી છે. અન્ય કેટલાક રાજ્યોમાં પણ ટામેટાના ભાવમાં ઘટાડો થતો જણાય છે અને આગામી સમયમાં તે વધુ ઘટશે.

દેશમાં ટામેટાંની વધતી કિંમતોએ લોકોને પરેશાન કરી દીધા છે અને કેટલીક જગ્યાએ રસોડામાં વપરાતી આ મહત્વની વસ્તુનો ભાવ ૧૬૦-૧૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે.

જો કે, આના કારણે, સરકારે પગલાં લેવાનું નક્કી કર્યું અને સરકારી સહકારી સંસ્થાઓ NCCF અને NAFEDને સસ્તા દરે ટામેટાં આપવાના પ્રયાસો કર્યા. જેના કારણે મુખ્યત્વે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી ટામેટાંની ખરીદી વધારવાનો નિર્ણય લેવાયો હતો અને સરકારી એજન્સીઓ મારફત ટામેટાંની નવી આવકો લોકો સુધી પહોંચાડવામાં આવી હતી.

### મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ

# બળવાખોરો અને શરદ પવારની ચાર દિવસમાં ત્રણ વાર મુલાકાત

મુંબઈ, તા.૧૭

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી હલચલ જોવા મળી રહી છે. એનસીપીમાંથી બળવો પોકાર્યા બાદથી અજિત પવાર ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના સાથે ગઠબંધન કરીને સરકારમાં જોડાયા બાદ ફરી એકવાર ચર્ચામાં છે.

આ વખતે ચર્ચાનું કારણ વારંવાર તેમની અને તેમની સાથે બળવો પોકારનારા એનસીપી નેતાઓ અને શરદ પવાર વચ્ચે ચાર દિવસમા ત્રીજી વખત મુલાકાત છે.

માહિતી અનુસાર અજિત પવાર આશરે બે ડઝન જેટલાં ધારાસભ્યો સાથે શરદ પવાર સાથે મુલાકાત કરવા માટે વાય.બી.ચવાણ સેન્ટર પર પહોંચી ગયા હતા. તેમની સાથે બળવો પોકારનારા જૂથના કાર્યકારી અધ્યક્ષ પ્રફુલ્લ પટેલ પણ હાજર હતા. જોકે આ મુલાકાત કેમ થઈ રહી છે તેનું કોઈ ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી. જોકે એવી ચર્ચા છે કે આ બેઠક બળવો પોકારનારા નેતાઓને એનસીપીમાંથી બરતરફ કરવા અને અયોગ્ય જાહેર કરવાની નોટિસ મામલે યોજાઈ હતી.

બળવાખોર જૂથના એનસીપીના કાર્યકરી પ્રમુખ પ્રફુલ્લ પટેલે આ મામલે જણાવ્યું હતું કે અમારી આ બેઠક સફળ રહી હતી. શરદ પવારે અમારી તમામ વાતો શાંતિપૂર્ણ રીતે સાંભળી હતી. અમે તેમના આશીર્વાદ લેવા આવ્યા હતા. તેમણે કહ્યું કે અમે તેમને આગ્રહ કર્યો હતો કે તેઓ નક્કી કરે કે કેવી રીતે એનસીપી એકજૂટ થઈ શકે છે.

જોકે પવારે આ મામલે કોઈ પ્રતિક્રિયા આપી નહોતી. પ્રફુલ્લ પટેલે કહ્યું કે અમારા સૌના મનમાં શરદ પવાર માટે સન્માન છે. અગાઉ શરદ પવારે એનસીપીના યુવા કાર્યકરોને કહ્યું હતું કે મેં મારો માર્ગ અલગ કરવાનો નિર્ણય કરી લીધો છે. કેમ કે હું ભાજપને સમર્થન નહીં આપી શકું. અમે અમારી પ્રગતિશીલ રાજનીતિ ચાલુ રાખીશું.

### બાતમીના આધારે રેડ પાડીને ચાર આરોપીઓને ઝડપી પાડ્યા

# બોગસ દસ્તાવેજો અને માર્કશીટ બનાવવાનું મોટું રેકેટ ઝડપાયું

## આ આરોપીઓ રૂપિયા ૫ હજારમાં બોગસ ડ્રાઈવિંગ લાયસન્સ અને બોગસ માર્કશીટ બનાવી આપતા હતા


સુરત, તા.૧૭

સુરત શહેર SOG પોલીસે બોગસ દસ્તાવેજો અને માર્કશીટ બનાવવાનું મોટું રેકેટ ઝડપી પાડ્યું છે. પોલીસે બાતમીના આધારે રેડ પાડીને ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ રૂપિયા ૫ હજારમાં બોગસ ડ્રાઈવિંગ લાયસન્સ અને બોગસ માર્કશીટ બનાવી આપતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂપિયા ૧.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં ૬૫ આધારકાર્ડ, ૧૭ ડ્રાઈવિંગ લાયસન્સ અને ૩ સ્કૂલ એલસીનો સમાવેશ થાય છે. સુરત પોલીસને આ અંગે બાતમી મળી હતી કે કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે બોગસ દસ્તાવેજો બનાવી આપતા હતા. જેને લઈ વધુ લોકો શિકાર બને તે પહેલા તાત્કાલિક પોલીસ એકશનમાં આવી હતી. અને આરોપીઓ પર રેડ કરી ઝડપી પાડ્યા છે.

### અગાઉ મહાશિવરાત્રી પર વિક્રમજનક ૧.૪૦ લાખ પૂજા નોંધાયા બાદ

# અધિક શ્રાવણ અને શ્રાવણમાં ભકતો માટે શ્રી સોમનાથ ટ્રસ્ટે શરૂ કરી ''૨૧ બિલ્વપૂજા સેવા''

## ભકતોને ૨૧ બિલ્વપૂજાના પ્રસાદમાં મોકલવામાં આવશે રૂદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ



અમરેલી, તા. ૧૭

અધિક શ્રાવણ અને શ્રાવણ માસમાં શ્રી સોમનાથ મહાદેવને લાખો બિલ્વપત્ર અર્પણ કરવામાં આવનાર છે. ત્યારે, પ્રત્યેક ભકત પ્રથમ જયોતિર્લીંગ સોમનાથ મહાદેવને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઇ શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ ફરી એકવાર પ્રારંભ કરી રહયું છે. ''૨૧ બિલ્વપૂજા સેવા''.

અગાઉ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગત મહાશિવરાત્રીના પાવન પર્વ ભકતો માટે આ વિશેષ ''૨૧ બિલ્વપૂજા સેવા'' શરૂ કરવામાં આવી હતી. જેમાં માત્ર ૨૧ રૂપિયાની ન્યોછાવર રાશિ સાથે ભકત તરફથી સોમનાથ મહાદેવને બિલ્વપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજાને ભકતોનો વિક્રમ પ્રતિસાદ મળ્યો હતો. ૧.૪૦ લાખથી વધુ ભકતોએ આ પૂજા નોંધાવી હતી અને આ પૂજા પ્રસાદ સ્વરૂપે રૂદ્રાક્ષ, ભસ્મ અને બિલ્વપત્ર પોસ્ટ મારફત ભકતોએ નોંધાવેલ સરનામા પર મોકલવામાં આવ્યા હતા.

શાસ્ત્રોમાં શિવજીને બિલ્વપત્ર અર્પણ કરવાનો મહિમા જણાવતા કહેવાયું છે કે, શિવજીને ત્રણ પર્ણ વાળું બીલીપત્ર અર્પણ કરવાથી ત્રણ જન્મોના પાપો નાશ પામે છે. ત્યારે પ્રથમ જયોતિલિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને ૨૧ની ન્યોછાવર રાશિથી બિલ્વપત્ર પૂજનના પુણ્યઅર્જનની સાથે સાથે સોમનાથ ટ્રસ્ટ ભકતોના આપેલા પર બિલ્વપૂજાના બીલીપત્ર, રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ સ્વરૂપે મોકલશે.

ગત મહાશિવરાત્રીના ૧ જ દિવસ માટે બિલ્વપૂજા પ્રારંભ કરવામાં આવી હતી જેને ભાવિકોની વિક્રમજનક પ્રતિસાદ મળ્યો હતો. તમામ અપેક્ષાથી ઉપર જઈને દેશભરમાંથી ૧.૪૦ લાખથી વધુ ભકતોએ આ બિલ્વપૂજા નોંધાવી હતી અને શ્રી સોમનાથ ટ્રસ્ટે તમામ ભકતોને મેસેજના માધ્યમથી બિલ્વપૂજાની લાઈવ પ્રસારણ લિંગ પણ મોકલી હતી. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભાવિકોના સરનામે મોકલવામાં આવેલ રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ મેળવીને મોટી માત્રામાં ભાવિકોએ આભાર વ્યકત કર્યો હતો. એટલું જ નહિં ભાવિકોને કોઈ કારણસર પ્રસાદ ન મળ્યો હોય તેમને ફરી પોસ્ટ કરીને અથવા મંદિર કાર્યાલયેથી રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ આપવામાં આવ્યા હતા. જેથી યાત્રીઓ આ પૂજા સેવાથી અતિ પ્રસન્ન બન્યા હતા.

ત્યારે શ્રાવણ અને અધિક શ્રાવણ માસમાં ટ્રસ્ટીઓ આઈકોનિક ૨૧ બિલ્વપૂજામાં ભાગ લેવા માટે ભકતોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે અને તેમાં પણ સતત ૬૦ દિવસ સુધી આ બિલ્વપૂજા ભાવિકો નોંધાવી શકશે જેથી એક નવા વિક્રમ તરફ આ પૂજા આગળ વધશે તેવી પૂર્ણ સંભાવનાઓ છે. ત્યારે આ અદ્‌ભૂત બિલ્વપૂજાનો લાભ લેવા માટે સોમનાથ ટ્રસ્ટની અધિકારીક વેબસાઈટ https://somnath.org/shortterm pooja/ અથવા somnath prasad.com અથવા ટ્રસ્ટના પૂજાવિધી કાઉન્ટર પર રૂબરૂ જઈને ૧૮ જુલાઈથી લઈને ૧૫ સપ્ટેમ્બર દરમિયાન પૂજા નોંધાવી શકશે.

### એક વિદ્યાર્થી એક વૃક્ષ અંતર્ગત

# લીલીયાની વાવણીયા પ્રાથમિક શાળામાં ઉત્સાહભેર વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



લીલીયા, તા. ૧૭

શાળા પરિવાર દ્વારા શાળ ાનાં પટાંગણમાં તેમજ વિવિધ જગ્યાએ સુંદરવન બનાવવાનાં આશયથી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. શાળ ાનાં તમામ વિદ્યાર્થીઓ અને શાળા પરિવાર તેમજ એસ.એમ.સી.નાં સભ્યો તેમજ સરપંચ, ઉપસરપંચ અને ગ્રામજનો હાજર રહ્યાં હતા.

આજના દિવસે શાળામાં અભ્યાસ કરતાં ફોરમબેન શેલડીયા, ધારાબેન ગોસાઈ તેમજ સમૃધિબેન જીકાદ્રાનાં જન્મદિવસ નિમિત્તે વૃક્ષ ઉછેરનો સંકલ્પ લઈ તેમના વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

શાળાનું પર્યાવરણ નંદનવન બને તેમજ વિદ્યાર્થીઓ વૃક્ષનાં જતન અને મહત્વને સમજે અને પર્યાવરણ જાગૃતિ અભિયાનનાં ભાગરૂપે સૌને પ્રેરણા આપતો કાર્યક્રમ યોજાયો હતો. આજના કાર્યક્રમમાં વાઘણિયા ગામના સરપંચ બાલાભાઈ પડસારીયા, ઉપસરપંચ ભરતભાઈ શેલડીયા, ચેતનભાઈ દેલવાડીયા, કાળુભાઈ સોલંકી તેમજ શાળાનાં વિપુલભાઈ કોટડીયા, મંજુલાબેન નારીયા, મનિષાબેન ચત્રોલા, પૂર્વીબેન ધામત તેમજ ભરતભાઈ પરમાર દ્વારા જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. તેમ શાળાનાં આચાર્ય મનસુખલાલ મેવાડાની યાદીમાં જણાવ્યું હતું.

### અમરેલી જિલ્લાનાં તમામ તાલુકા મથકે

# અનુસૂચિત જાતિનાં યુવક યુવતીઓ માટે વ્યકિતત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર યોજાશે

## ઈચ્છુક યુવક–યુવતીઓએ તા. ૨૬ જુલાઈ સુધીમાં ફોર્મ પહોંચાડવા

અમરેલી, તા. ૧૭


રાજય સરકારનાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, અમરેલી સંચાલિત રાજયનાં ૧૫ થી ૩૫ વર્ષનાં અનુસૂચિત જાતિનાં યુવકો અને યુવતીઓનાં સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે તાલુકાકક્ષાએ વ્યકિતત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન અમરેલી જિલ્લાનાં તમામ તાલુકાઓમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાનાં પ્રત્યેક તાલુકામાં યુવક યુવતીઓ માટે નિયત કરવામાં આવ લા સ્થળે ૪ દિવસ માટે ૪૫ યુવક–યુવતીઓ માટે વ્યકિતત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર આયામી ઓગસ્ટ–૨૦૨૩ દરમિયાન યોજવામાં આવશે.

આ શિબિર દરમ્યાન શિબિરાર્થીઓનાં વ્યકિતગત વિકાસ માટે યુવક મંડળની સ્થાપના, રચનાની કાર્ય પદ્ધતિ, પંચાયતી માળખાનો ખ્યાલ, નેતૃત્વ અંગેનાં ગુણોની ચર્ચા, સામાજિક દૂષણો સામે વિરોધ, રાષ્ટ્રીય એકતા તેમજ યુવાઓની શકિતઓને રચનાત્મક માર્ગે વાળવા અંગે તજજ્ઞો દ્વારા વિવિધ માર્ગદર્શન આપવામાં આવશે. જયારે શિબિરાર્થીઓનાં શારીરિક–માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ માટે યોગ શિક્ષકો દ્વારા વિવિધ પ્રકારનાં આસનો દ્વારા સમજ આપવામાં આવશે.

શિબિરાર્થીઓને આવવા–જવાનો પ્રવાસ ખર્ચ, ભોજન તેમજ નિવાસ ખર્ચ સહિતની રકમ રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે. આ શિબિરનો લાભ લેવા ઈચ્છતા હોય તેવા અમરેલી જિલ્લાનાં અનુસુચિત જાતિનાં યુવક–યુવતીઓએ આ તાલીમ શિબિરમાં જોડાવવા માટેનું ફોર્મ જિલ્લા રમતગમત કચેરી, બહુમાળી ભવન, બ્લોક–સી, પ્રથમ માળ, રૂમ–૧૧૦,૧૧૧, અમરેલી ખાતે તા. ૨૬/૭/૨૦૨૩ સુધીમાં મોકલી આપવા જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સા.કુંડલા : પીઠવડીની દીવાળીબા હાઈસ્કૂલમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયા



સાવરકુંડલા, તા. ૧૭

શ્રીજી કેળવણી મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દીવાળીબા હાઈસ્કૂલ પીઠવડીમાં સરસ્વતી સાધના સાયકલ વિતરણ, તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ તેમજ વાલીમિટિંગનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, પીઠવડીના સરપંચ ભૌતિકભાઈ સુહાગિયા, શ્રીજી કેળવણી મંડળના ટ્રસ્ટી ધીરૂભાઈ નાકરાણી, તેમજ ભાજપની ટીમ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ શિક્ષણ, સર્જનાત્મકતા, વિદ્યાર્થીમાં પડેલી સુષુપ્ત શકિત, સહભ્યાસક પ્રવૃત્તિ વિશે વિશદ વાત કરી વિદ્યાર્થીઓ અને વાલીના દિલ જીતી લીધા તેમજ દીવાળીબા હાઈસ્કૂલ વિવિધ ક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત કરેલ હોવાથી આચાર્ય અને સ્ટાફને અભિનંદન પાઠવેલ, શાળ ાના વિદ્યાર્થી અભય વરૂ દ્વારા સરકારની વિવિધ યોજના વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું.

# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા મહિલા વિકાસગૃહ ખાતે સેવાકીય કાર્યક્રમ યોજાયા



અમરેલી, તા. ૧૭

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનાં માધ્યમથી મહિલા વિકાસ ગૃહ ખાતે લાયન્સ કલબનાં પૂર્વ પ્રમુખ શિવલાલ હપાણીનાં પિતાની સ્વ. બચુબાપાની પુણ્યતિથિ નિમિત્તે તેમના સહયોગથી મહિલા વિકાસ ગૃહની બાળાઓને સુંદર ભોજન કરાવેલ. આ એક પ્રેરણારૂપ કાર્ય હતું. તેમજ લાયન્સ કલબ દ્વારા મહિલા વિકાસગૃહને ઘરઘંટી એનાયત કરેલ. કલબ દ્વારા સર્વેને આવકારી પ્રવચન થયેલ. આ તકે લા.પ્રમુખ કૌશિકભાઈ હપાણી, સેક્રેટરી દિવ્યા સોજીત્રા, ખજાનચી રજનીકાંત ધોરાજીયા, રાજુભાઈ પરીખ, નનુભાઈ તળાવીયા, શિવલાલ હપાણી, ઘનશ્યામભાઈ હપાણી, નિતેષ હિરપરા, ભીખુભાઈ કાબરીયા, ઉમેશભાઈ કાનાણી તેમજ અન્ય લાયન્સ સદસ્યો હાજર રહી કાર્યક્રમોને સફળ બનાવેલ લાયન્સ કલબ દ્વારા હંગર કાર્યક્રમ તેમજ સેવાકીય પ્રવૃતિ થયેલ.

# અમરેલી ખાતે આગામી ગુરૂવારે કેટરર્સ એસો.ની વાર્ષિક સભા યોજાશે

અમરેલી, તા. ૧૭

ઓલ ગુજરાત કેટરર્સ એસોસીએશનનાં તમામ અગ્રણીઓ તા. ૨૦/૭/૨૩ ગુરૂવારનાં રોજ સંત શ્રી મહાત્મા મુળદાસ બાપુની ભૂમિ એટલે અમરવેલી, અમરેલીનાં આંગણે ૧૮મી વાર્ષિક સભાનું આયોજન અમરેલી ડિસ્ટ્રીકટ કેટરર્સ એસોસીએશનાં યજમાન પદે થવા જઈ રહ્યું છે. તેનાં આયોજનરૂપી અમરેલી કડવા પાટીદાર સમાજની વાડી હનુમાનપરામાં તડામાર તૈયારી ચાલી રહી છે. અમરેલી ડીસ્ટ્રીકટ કેટરર્સ એસોસીએશન ટીમ આયોજનને સફળ બનાવા માટે કમર કસી રહી છે.

### તમામ મુસાફરો સુરક્ષિત

# ભોપાલથી દિલ્હી આવી રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં લાગી આગ

નવી દિલ્હી, તા.૧૭

ભોપાલથી દિલ્હી જતી વંદે ભારત ટ્રેનમાં આગ લાગી હતી. મળતી માહિતી મુજબ, આજે (સોમવારે) સવારે કુરવાઈ સ્ટેશન નજીક રાણી કમલાપતિ રેલવે સ્ટેશનથી નિઝામુદ્દીન જવા રવાના થયેલી વંદે ભારત ટ્રેનની ઝ૧૪ કોચમાં બેટરીના કારણે આગ ફાટી નીકળી હતી. આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. રાણી કમલાપતિથી નિઝામુદ્દીન જઈ રહેલી વંદે ભારત ટ્રેનના C-14 કોચમાં આગ લાગી હતી. ટ્રેન નંબર ૨૦૧૭૧ ભોપાલ-હઝરત નિઝામુદ્દીન વંદે ભારત સવારે ૫.૪૦ વાગ્યે રવાના થઈ હતી. ઘટના બીના સ્ટેશન પહેલા બની હતી. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરના જણાવ્યા અનુસાર આગ બેટરીથી લાગી હતી. આગની જાણ થતાં જ ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને તમામ મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોના જણાવ્યા અનુસાર કોચ સી-૧૪માં બેટરીની નજીક ધુમાડો નીકળ્યો હતો. આ પછી બેટરી બોક્સમાંથી આગની જ્વાળાઓ બહાર આવવા લાગી હતી. બીના રેલ્વે સ્ટેશન પહેલા કુરવાઈ કેથોરા ખાતે ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને મુસાફરો સુરક્ષિત રીતે ઉતરી ગયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર વંદે ભારત ટ્રેનમાં કોંગ્રેસ નેતા અજય સિંહ, IAS અવિનાશ લાવાનિયા સહિત ઘણા લોકો મુસાફરી કરી રહ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર ટ્રેનને ખાલી કરાવવામાં આવી હતી.

મધ્યપ્રદેશના રાણી કમલાપતિ સ્ટેશન અને દિલ્હીના હઝરત નિઝામુદ્દીન સ્ટેશન વચ્ચે ચાલનારી આ ટ્રેન મધ્ય પ્રદેશની પહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન છે.

# અમરેલીનાં બાલભવનમાં લોકસાહિત્ય સેતુની નિયમિત બેઠક મળી



અમરેલી, તા. ૧૭

કલાકારોએ વર્ષાના વધામણા દુહા છંદથી જમાવી દીધા.

પરમ પૂજય મોરારીબાપુનાં રૂડા આશીર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુની ૧૦૮મી નિયમિત બેઠક બાલભવનના વિશાળ પ્રાર્થના હોલમા યોજાયેલ. પ્રારંભમા લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સર્વ આદરણીય સદસ્યો ભાઈઓ–બહેનોનું શાબ્દિક સ્વાગત કરી આજની બેઠકનો વિગતે પરિચય આપ્યો.

આજની બેઠકમાં સર્વ રમેશભાઈ જાદવ, કેવિનભાઈ રોકડ, સંજયભાઈ, મંગળાબેન ચાવડા જેવા કલાકારોએ પોતપોતાની આગવી શૈલીમાં લોકસાહિત્યમાં વર્ષાઋતુ વિષય પરત્વે દુહા, છંદ, લોકગીત ભવ્ય રીતે રજૂ કર્યા. તબલા ઉપર કનુભાઈએ ભારે સંગત આપી. અમરેલી જિલ્લાના હોમગાર્ડઝ કમાન્ડન્ટ અશોકભાઈ જોષીની ઉમદા સમાજસેવાને બીરદાવી. ડો.પ્રતાપભાઈ પંડયાના સુપુત્રી મનિષાબેન પંડ્યાના સૌજન્યથી (માતાપિતાને હું નમું) પુસ્તક અને શાલથી ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું. વરસડા દરબાર દેવકુભાઈ વાળા અમરેલી નિવાસી એલ.ડી ચાવડા અને મંગળાબેન ચાવડા, ડોકટર જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટના શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું.

આજની બેઠકમાં સર્વ હસુભાઈજોશી (ખજાનચી), મહેન્દ્રભાઈ શુકલ (ટ્રસ્ટી), મહિપતભાઈ ભટ્ટ, પ્રખર જયોતિષી રજનીભાઈ ભટ્ટ, નારણભાઈ ડોબરીયા, સોનલબેન ત્રિવેદી, બિંદુબેન ત્રિવેદી(જુનાગઢ), હંસાબેન પંડયા, માલતીબેન પંડયા(નિવૃત બેંક કર્મચારી), ભાગવતાચાર્ય પરમ વિદ્વાન પૂજય દેવેન્દ્રદાદા શાસ્ત્રી, પરેશભાઈ મહેતા, કાળુભાઈ ટાંક સમેત વિશાળ સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા અને મોજમાણી બાલભવનના ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, નારણભાઈ ડોબરીયા તેમજ મોટાભાઈ સંવટ કાર્યક્રમથી સંતોષ વ્યકત કરી અભિનંદન આપ્યા. મીતભાષી અને મીષ્ટભાષી અશોકભાઈ જોષીએ લોકસાહિત્ય સેતુની ચાલતી પ્રવૃત્તિઓથી સંતોષ પામી મુકત કંઠે પ્રસંશા કરી સન્માનનો પ્રતિભાવ આપ્યો. કાર્યક્રમના અંતે મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યુ.

### મક્કમ મનનાં માનવીને હિમાલય પણ નડતો નથી

# જાફરાબાદનાં યુવાને ૨૨ દિવસોમાં ૧૬૦૦ કિ.મી. યાત્રા કરી કેદારનાથનાં દર્શન કર્યા

## શિવભકતોએ યુવકને અભિનંદન પાઠવ્યા



જાફરાબાદ, તા. ૧૭

મક્કમ મનનાં માનવીને હિમાલય પણ નડતો નથી એ ઉકિતને સાર્થક કરી બતાવી. જાફરાબાદનાં ખારવા સમાજનો યુવાન આશિષભાઈ ધીરુભાઈ સોલંકીએ ઉપયોગ સૂત્રને ચરિતાર્થ કરવા માટે જબરજસ્ત આસ્થા સાથે જાફરાબાદથી કેદારનાથ ૧૬૦૦ કિલોમીટર સાઈકલ ચલાવીને ભગવાન કેદારનાથજીને શિષ નમાવ્યું. ૨૨ દિવસે કેદારનાથ પહોંચી દર્શન કર્યા. યુવાનની અપાર શ્રધ્ધા અને આસ્થાને સૌએ તેઓને સોશ્યલ મીડિયાનાં માધ્યમથી અભિનંદન પાઠવ્યાં.

જાફરાબાદ સાગરખેડૂ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ કિશોરભાઈ આર. સોલંકી તથા ઉપપ્રમુખ દિનેશભાઈ પી. સોલંકી તથા ભરતભાઈ બારૈયા ટ્રસ્ટી તથા અરવિંદભાઈ પી. સોલંકી ટ્રસ્ટી તથા સુરેશભાઈ આર. સોલંકી ટ્રસ્ટી તથા તમામ સાગરખેડૂનાં મેમ્બરો દ્વારા આશિષભાઈને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા. આશિષભાઈ સોલંકીએ સાઈકલ પર ૧૬૦૦ કિલોમીટર કેદારનાથની યાત્રા પૂર્ણ કરી છે.

આ યુવાન જાફરાબાદથી નીકળી ૨૨ માં દિવસે કેદારનાથ પહોંચ્યો હતો. તેમની આસ્થા અને સાહસને આ વિસ્તારનાં લોકોએ બિરદાવી હતી. લોકો ટ્રેન, બસ કે હેલિકોપ્ટર મારફતે કેદારનાથની યાત્રા કરતા હોય છે. પરંતુ જાફરાબાદમાં રહેતા ખારવા સમાજનાં યુવાન આશિષભાઈ સોલંકીએ સાઈકલ પણ ૧૬૦૦ કિલોમીટરની કેદારનાથ સુધીની યાત્રા પૂર્ણ કરી આશિષભાઈ સોલંકીએ કેદારનાથ સુધીની યાત્રા પૂર્ણ કરી પરત જાફરાબાદ ફરી રહ્યાં છે.

### આગામી ૧૮ ફેબ્રુઆરીનાં રોજ

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૫૧ સર્વજ્ઞાતિય– સર્વ ધર્મ સમૂહલગ્ન યોજાશે

## વહેલા તે પહેલાનાં ધોરણે નોંધણી કરાવો



ચલાલા, તા. ૧૭

ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર ધામ, ધારી રોડ, ચલાલા ખાતે ૫૧ સર્વજ્ઞાતિય– સર્વધર્મ સમુહલગ્નોત્સવ તા. ૧૮/૦૨/૨૦૨૪ ને રવિવારનાં રોજ યોજાશે.

આ સમૂહલગ્નોત્સવનું નોંધણી કાર્ય શરૂ છે. તો દરેક જરૂરિયાતમંદ લોકોને વહેલા તે પહેલાનાં ધોરણે નોંધણી કરાવી આ સમૂહલગ્નોત્સવનો લાભ લેવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

– એક તરફ શાસ્ત્રોકત વિધિ થશે તો બીજી તરફ નિકાહ પઢવામાં આવશે.

– સંતો–મહંતો રૂડા આશીર્વાદ આપશે. આ સમૂહલગ્નોત્સવમાં જોડાનાર દરેક દીકરીઓને જુદા–જુદા દાતા તરફથી ૧૩૦ ઉપરાંત વસ્તુઓ કરિયાવરરૂપે આપવામાં આવશે.

– વિદેશથી ખાસ મહેમાનો ઉપસ્થિત રહેશે.

– આવેલ તમામ મહેમાનો માટે ભોજન સહિત ઉતારાની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે.

**નોંધ :** આ સમૂહલગ્નોત્સવમાં જોડવા માટે વર–કન્યાનાં જન્મ તારીખનાં ઓરીજનલ દાખલા, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટા–૨ વગેર જરૂરી કાગળોનું લિસ્ટ લઈ વહેલા તે પહેલાનાં ધોરણે નોંધણી કરાવવી.ગાયત્રી સંસ્કાર ધામ–ધારી રોડ, ચલાલા. સંપર્ક પૂ. રતિદાદા–મો. ૯૪૨૭૪ ૯૧૦૯૭, ૮૮૬૬૩ ૭૪૧૧૨, ૯૩૧૩૭૦૭૩૯૦.

# સાવરકુંડલા ખાતે સદ્‌ભાવના ગૃપ દ્વારા ફૂલછોડનાં ૧૦૦૦ રોપાનું વિનામૂલ્યે વિતરણ



સાવરકુંડલા ખાતે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરતા સદ્‌ભાવના ગૃપ દ્વારા તારીખ ૧૬/૭ /૨૩ ને રવિવારના રોજ શહેરનાં લોકો પોતાનાં આંગણામાં વિવિધ પ્રકારનાં ફૂલછોડ વાવી અને ઉછેરી શકાય તેવા શુભ હેતુથી ગ્રીન સન્ડે ગ્રીન સાવરકુંડલાનાં શીર્ષક હેઠળ રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે વિનામુલ્યે રોપા વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરમ પૂજય ઉષામૈયાના આશીર્વાદથી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અતિથિ વિશેષપદે યોજાયેલા કાર્યક્રમમાં સદ્‌ભાવના ગૃપ દ્વારા ગુલાબ, મોગરા, કરેણ, લાડન, તિલક તુલસી, ગ્રીન ટી વગેરે ૧૦૦૦ જેટલા રોપાઓનું સામાજીક સાવરકુંડલા ખાતે સદ્‌ભાવના ગૃપ દ્વારા૧૦૦૦ ફૂલછોડના રોપાનું વિના મૂલ્યે વિતરણ. સાવરકુંડલા ખાતે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરતા સદ્‌ભાવના ગૃપ દ્વારા તારીખ ૧૬/ ૭ /૨૩ ને રવિવારના રોજ શહેરનાં લોકો પોતાનાં આંગણામાં વિવિધ પ્રકારનાં ફૂલછોડ વાવી અને ઉછેરી શકાય તેવા શુભ હેતુથી ગ્રીન સન્ડે ગ્રીન સાવરકુંડલાનાં શીર્ષક હેઠળ રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે વીનામુલ્યે રોપા વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરમ પૂજય ઉષામૈયાના આશીર્વાદથી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અતિથિ વિશેષપદે યોજાયેલા કાર્યક્રમમાં સદ્‌ભાવના ગૃપ દ્વારા ગુલાબ, મોગરા, કરેણ, લાડન, તિલક તુલસી, ગ્રીન ટી વગેરે ૧૦૦૦ જેટલા રોપાઓનું સામાજીક વનીકરણ રેન્જ સાવરકુંડલાનાં સહકારથી દાતા અ. ની. સ્વ. હિંમતલાલ બાબુભાઈ હરસોરાના સહયોગથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. રોપા વિતરણ કાર્યક્રમમાં આર.એફ.ઓ. બી.ડી. ચાંદુ, વનપાલ એમ.એ. મકવાણા, વનરક્ષક ધર્મીષ્ઠાબેન જોશી, રેવનંતીબેન લાધવા, વી.બી.જોશી, આઈ.એમ. સુમરા ઉપસ્થિત રહ્યા હતા. સદ્‌ભાવના ગૃપ દ્વારા ગ્રીન સન્ડે ગ્રીન સાવરકુંડલાના સૂત્ર સાથે હરસોરા પરીવારના સૌજન્યથી આયોજિત આ કાર્યક્રમમાં ફૂલછોડના રોપા મેળવવા શેહેરીજનોએ અગાઉથી જ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને સવારે ૧૦:૦૦ વાગ્યાથી રોપા મેળવવા ઉત્સાહભેર શહેરીજનો ઉમટી પડયા હતા. સદ્‌ભાવના ગૃપ દ્વારા પર્યાવરણની જાળવણી અને સંરક્ષણ માટે યોજાયેલા કાર્યક્રમની ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સરાહના કરી આવા સાર્વજનિક હિતાર્થે આયોજિત કરવામાં આવતા કાર્યક્રમોમાં પોતાનો હંમેશા સહકાર રહેશે. તેમ જણાવી સદ્‌ભાવના ગૃપનાં કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સદ્‌ભાવના ગૃપ દ્વારા વિવિધ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે. જેમાં એમ્બ્યુલન્સ સેવા, બ્લડ હેલ્પલાઈન, મોક્ષરથ સેવા, મેડિકલ સાધનો સહિતની હેલ્પલાઈનો ચલાવવામાં આવે છે. વનીકરણ રેન્જ સાવરકુંડલાનાં સહકારથી દાતા અ.ની. સ્વ. હિંમતલાલ બાબુભાઈ હરસોરાના સહયોગથી વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યુ હતું. રોપા વિતરણ કાર્યક્રમમાં આર.એફ.ઓ. બી.ડી. ચાંદુ, વનપાલ એમ.એ. મકવાણા, વનરક્ષક ધર્મીષ્ઠાબેન જોશી, રેવનંતીબેન લાધવા, વી.બી.જોશી , આઈ.એમ. સુમરા ઉપસ્થિત રહ્યા હતા. સદભાવના ગ્રુપ દ્વારા ગ્રીન સન્ડે ગ્રીન સાવરકુંડલાના સૂત્ર સાથે હરસોરા પરીવારના સૌજન્યથી આયોજિત આ કાર્યક્રમમાં ફૂલછોડના રોપા મેળવવા શેહેરીજનોએ અગાઉથી જ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને સવારે ૧૦:૦૦ વાગ્યાથી રોપા મેળવવા ઉત્સાહભેર શહેરીજનો ઉમટી પડયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલા–પોરબંદર વચ્ચે

છે અને નિગમ તેમજ પ્રવાસી જનતાને જરૂરિયાત મુજબનાં નવા રૂટ પણ શરૂ કરવામાં આવે છે તેમજ નિગમ તરફથી નવી બસો પણ ફાળવવામાં આવે છે. ત્યારે રાજુલા એસ.ટી. ડેપોને પણ નવી બસો ફાળવવામાં આવેલી ત્યારે જુના રૂટમાં આ નવી બસ મૂકવામાં આવતા નવા રૂટ કોઈ શરૂ કરવામાં ના આવ્યા રાજુલા ચેમ્બર ઓફ કોમર્સએ વારંવાર લેખિતમાં આપેલ છે કે, રાજકોટથી સાંજે ૮:૦૦ વાગે રાજુલા આવવા માટે બસ આપો ત્યારે એસ.ટી. અધિકારીઓ જવાબમાં સ્ટાફ નથી, ગાડી નથી તેવા જવાબો આપવામાં આવે છે ત્યારે થોડા દિવસ પહેલા રાજુલા પોરબંદર સવારે ૭ વાગ્યાની કોઈપણ જાતની માંગણી વગર એસ.ટી.નાં અધિકારીઓ ચાલુ કરી તો તે માંગણી વગરની બસ શરૂ કરવાનો શું ફાયદો ? જો સ્ટાફ નથી, બસ નથી તો પછી આ બસ કોના ઈશારે ચાલુ કરવામાં આવી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા તેમજ પૂર્વ પ્રમુખ બકુલભાઈ વોરા તેમજ વેપારીઓ દ્વારા રાજકોટ રૂટની બસ વહેલી તકે ચાલું કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ છે. આ સિવાય જામજોધપુર ગોંડલ તેમજ યાત્રાનાં સ્થળો તેમજ રેલવે સ્ટેશન બરબટાણા સહિતની વિવિધ માંગણીઓ રાજુલાનાં વેપારીઓ તેમજ ચેમ્બર ઓફ કોમર્સની છે. પેન્ડિંગ હોય તેનું નિરાકરણ કરાતું નથી.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં ખોડિયાર ચોકમાં

પરથી એક ફોર વ્હીલ કાર આ રોડથી સહેજ નીચે ઊતરતાં આ નાળાના દ્વાર પાસે ફસાઈ ગયેલી જોવા મળી. થોડી વાર તો અંદર બેઠેલા લોકોને પણ મૂંઝવણમાં મૂકાયા કે હવે આ કારને કેમ બહાર કાઢવી. જો કે આસપાસના લોકો એકઠાં થયેલાં લોકોએ ઝાઝા હાથ રળિયામણાં એ સૂત્રને લક્ષમાં લઈને જોર લગા કે હૈસા..!! ધક્કો મારી મહામહેનતે કારને એ નાળાના પાણી પસાર થવાનાં મુખદ્વાર પાસેથી બહાર કાઢી રોડ પર પહોંચાડી. જો કે અંદર બેઠેલાં પરિવારે પણ આ કાર ખાડામાંથી બહાર નીકળતાં હાશકારો અનુભવ્યો હતો અને મદદ કરનારનો આભાર માન્યો હતો. જો કે આ રસ્તા પર આમ અનાયાસે કાર ખાડામાં ધસી જાય કે વહેતા પાણીમાં કોઈ પ્રાણી ફસાઈ એવી દુર્ઘટના નીવારવા તંત્ર દ્વારા કોઈ કાયમી ધોરણે ઉપાય શોધીને લોકોને રાહત આપવી જોઈએ તેવું ત્યાં ઉપસ્થિત લોકોના મુખે ચર્ચાઈ રહ્યું હતું. આ સંદર્ભે જે ઘટતું કરવું પડે તે નગરપાલિકા દ્વારા ટાઉન પ્લાનિંગ ઈજનેરની સલાહ લઈને યોગ્ય કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. પ્રસ્તુત ઘટનાની તસવીર પત્રકાર બિપીનભાઈ પાંધીના હૃદયમાં અંકિત થઈ ગયેલી છે. કારણ કે તે સમયે તે પોતે સ્વંમ ત્યાં ઉપસ્થિત હતાં. બાજુના રહીશે જણાવ્યું હતું કે ચાલુ વરસાદે વહેતા પાણીમાં કોઈ ગરકાવ ન થઈ જાય એ માટે પણ આસપાસના રહીશો લોકોને અહીંથી દૂર રહો તે અંગે અવારનવાર ચેતવે પણ છે. છતાં પણ સમય અને સંજોગોને આધિન કોઈ દુર્ઘટના ન બને એ માટે તંત્ર દ્વારા સ્થળ મુલાકાત લઈ યોગ્ય કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. અને ખાસ નોંધ : આ લોકેશનની વિઝીટ પણ બરોબર વરસાદ ચાલુ હોય અને આ વિસ્તારમાંથી પાણીનો પ્રવાહ ધસમસતો હોય ત્યારે જ લેવાય તો વાસ્તવિકતાનો પાકો ખ્યાલ આવે અને કોઈ સાનુકૂળ હલ નીકળી શકે.

પાના ૧ ઉપરનું ચાલું

## નાસતા–ફરતાં હીસ્ટ્રીશીટરની અટકાયત

લગત સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી અલીભાઈ ઉર્ફે અલીયો ઈબ્રાહીમભાઈ લાડક રહે. વીજપડી વાળો, વીજપડી ગામના બસ સ્ટેશન પાસે લાલ કલરની લાઈનીંગ વાળું શર્ટ તથા બ્લેક કલરનું પેન્ટ પહેરી ઉભો છે. તેવી ચોક્કસ ખાનગી બાતમી રાહે હકિકત મળેલ હોય, જે અનુસંધાને મજકુર હીસ્ટ્રીશીટર નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે. ઝડાપાયેલ ઈસમ વિરૂધ્ધ ખુન તથા ગેરકાયદેસર હથિયાર રાખવાના, દેશી દારૂ બનાવવાના તથા ઘરફોડ ચોરીનાં તથા આંતર જિલ્લામાં પણ અસંખ્ય ગુન્હાઓ સહિત ડફેર ગેંગ જેવા ગુનાઓ આચરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલા શહેરમાં અંખિયા મિલાકે

આંખનાં સ્પેશ્યાલીસ્ટ ડો.માનસી પટેલ દ્વારા જણાવાયું હતું કે આ વાયરસ કન્જેકટીવીટી વાયરસ છે ને ચોમાસાની સીઝન વખતે શરદી ઉધરસની જેમ જ ફેલાતો આ રોગ છે પણ દર ચોમાસાની સીઝન કરતા આ વખતે આ વાયરલ કન્જેકટીવીટીનું પ્રમાણ અતિ વધારે છે. પહેલા લલ્લુભાઈ આરોગ્ય મંદિર ખાતે માંડ ૫ કેસો આવતા પણ છેલ્લા એક અઠવાડિયામાં રોજની ૧૩૦ ઉપરની ઓ.પી.ડી.કેસો આવે છે. જેમાંથી ૧૦૦ ઉપરાંતનાં લોકોને વાયરસ કન્જેકટીવીટી હોય છે. ત્યારે લોકોએ જેમ કોરોનાં વખતે કાળજી રાખેલી તે મુજબ હાથ વારંવાર સાબુ અથવા સેનેટાઈજરથી ધોવાને એકના એક રૂમાલ, ટુવાલના ઉપયોગ પર સાવચેતીઓ રાખવી જેવી બાબતોને ગંભીરતાપુર્વક આ વાયરસ કન્જેકટીવીટીનો સામનો કરવો પડશે માટે સાવચેતી મહત્વની છે ને લોકોએ સાવચેતી રાખવી જોઈએ તેમ ડો. માનસી પટેલે જણાવ્યું સાથે આ અંખિયા મીલાકે રોગ (વાયરલ કન્જેકટીવીટી) કલાકમાં ડેવલપ થઈ જાય છે. ને સ્પ્રેડનું પ્રમાણ વધુ હોય તેની તકેદારી રાખવી હિતાવહ છે જેનાથી આ વાયરસ કન્જેકટીવીટીથી બચી શકાય છે. જયારે આ અંગે મેડિકલ સ્ટોર્સમાં આંખોનાં ટીપાઓનાં વેચાણમાં વધારો જોવા મળી રહયો છે ને અલગ અલગ આંખોનાં ટીપાઓ ડોકટરની સલાહ મુજબ જ નાખવા જોઈએ ને સાવરકુંડલાની સરકારી હોસ્પિટલ સોથ ખાનગી આંખોનાં તબીબો અને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે નિશૂલ્ક સેવાઓ પર આંખોનાં સ્પેશ્યાલીસ્ટ ડો.માનસી પટેલની સેવાઓ સુંદર આપી રહયા હોવાની જાણકારી મળી રહી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## અવસાન નોંધ

**અમરેલી :** યોગેશભાઈ નારણભાઈ રેણુકા (ઉ.વ. ૫૯) તે કિશોરભાઈ (રાજુલા)ના નાના ભાઈ, શિવમ રાજુ બારોટ (અમદાવાદ)ના મોટાબાપુ, ઘનશ્યામભાઈ, વિરેન્દ્રભાઈ તથા વિવેકભાઈ (અમરેલી–ગુરૂકૃપા સોપારી)ના મોટાભાઈ તથા નારણભાઈ લગધીર (અમરેલી)ના સાળા રામચરણ પામેલ છે.

## આવતીકાલે શક્તિગૃપ દ્વારા અમરેલી ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ અને વિવિધ સરકારી યોજના કેમ્પ યોજાશે

### વધુ વિગત માટે આયોજકોનો સંપર્ક કરો

અમરેલી, તા. ૧૭

અમરેલીનાં શકિત ગ્રૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વ. જીલુભાઈ વિરાભાઈ વાળાની પ્રથમ પુણ્યતિથિ નિમિતે સર્વ રોગ નિદાન કેમ્પનું તા. ૧૯/૭/૨૦૨૩ બુધવારના રોજ શ્રીરંગ મહારાષ્ટ્રીયન સમાજની વાડી, ગાયત્રી મંદિરની બાજુની ગલીમાં, ભાવકા ભવાની મંદિરની સામે, અમરેલી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ કેમ્પમાં આયુર્વેદિક, હોમોપેથિક, બી.પી. ચેક અપ, ડાયાબિટીસ ચેકઅપ, દાંત, આંખની તપાસ, બીજા અન્ય રોગો, મોતિયાની તપાસ, તમામ રોગોની નિઃશુલ્ક સારવાર તેમજ ફી દવા પણ આપવામાં આવશે. બ્લડ



ડોનેશન તેમજ આયુષ્યમાન કાર્ડ, શ્રમ કાર્ડ પણ નિઃશુલ્ક કાઢી આપવામાં આવશે. તેમજ મોતિયાના ઓપરેશન નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ દ્વારા ફી કરી આપવામાં આવશે અને વધુ વિગત માટે સંપર્ક કરો અશોકભાઈ મો.૮૪૮૮૮ ૫૮૫૮૮ કરશો.

પાના ૮ ઉપરનું ચાલું

## રાજુલાનાં ગઢની રાંગ વિસ્તારમાં

જે.એન પરમારની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટેશનના ટાઉન બીટ ઈન્ચાર્જ બી.એમ.વાળા તથા ટીમ એ રાજુલા ગઢની રાંગ વિસ્તારમાં જાહેરમાં સ્ટ્રીટ લાઈટનાં અંજવાળે હારજીતનો જુગાર રમતા રાજુભાઈ ભગવાનભાઈ વાળા, જયેશભાઈ મનુભાઈ કાતરીયા, શિવરાજભાઈ બાબુભાઈ કોટીલા, ભાવેશભાઈ શીબાભાઈ વાણીયા, હરસુરભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ ધાખડા, હરેશભાઈ ચીથરભાઈ મકવાણા રહે. તમામ રાજુલા તથા બર્બટાણા ગામે રહેતા જયેશભાઈ ભુપતભાઈ હડીયા વિગેરે સાત ઈસમોને રોકડા રૂા. ૨૭,૯૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધમાં રાજુલા પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા–ધજડી–ખાંભા માર્ગ

અપાતી હોવાથી માર્ગો, પુલો અને મકાનો થોડા દિવસોમાં જ બિસ્માર બનતા જોવા મળી રહ્યાં છે.

અમરેલી જિલ્લાની જનતાનાં પરસેવાનાં નાણા ઘરભેગી કરતી આ ટુકડે–ટુકડે ગેન્ગનાં પાપે જનતા ત્રાહીમામ પોકારી ગઈ હોય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નિષ્ઠાવાન અધિકારીઓ ધ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ તમામ સરકારી બાંધાકામોની તટસ્થ તપાસ કરાવે તો કરોડો રૂપિયાનું કૌભાંડ ઝડપાઈ જશે તેવું જાણકારો જણાવી રહ્યા છે.

દરમિયાનમાં સાવરકુંડલાના ખાંભા ટી પોઈન્ટ રસ્તા પરથી આ માર્ગ મગરની પીઠ સમાન ખરબચડો બની ગયો છે ને પત્થરો સ્ટેટ હાઈવે પરથી બહાર આવી ગયા છે ને ડામર જેવું નામ નિશાન આ માર્ગ પરથી નીકળી ગયું હોય તેવો અતિ બિસ્માર માર્ગ બની જતા વાહન ચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે. જયારે વરસાદ હોય ત્યારે આવા માર્ગ પર પાણીના ખાબોચિયાં ભર્યા હોવાથી ટુ વ્હીલ વાહનો અકસ્માતે ખાબકી રહ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યુ હોય. ત્યારે હલકી ગુણવત્તાનો બનેલો માર્ગ ચોમાસાના પ્રારંભે જ ઉબડ ખાબડ બની જતા બાજુમાં ધજડી, સાકરપરા, અભરામપરા, મીતીયાળા જવાનો માર્ગ પણ સ્ટેટ હાઈવે સમાન વાહન ચાલકો તોબા પોકારી ઉઠે તેવો થઈ જતા વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

ચોમાસાના પ્રારંભે આ ખાંભા, ઉના, દીવ કે સોમનાથ જિલ્લામાં જવાનો સ્ટેટ હાઈવેનો મુખ્ય માર્ગ તોબા પોકારી ઉઠે તેવો હોય. ત્યારે ધજડી, સાકરપરા, મીતીયાળ ાના ખેડૂતો ગ્રામીણ માર્ગ પણ ખરબચડો બની જતા તંત્રની લાપરવાહીની પોલ ખુલી જવા પામી છે ને તંત્ર આવા કમરતોડ રસ્તાની મરામત વહેલી તકે નહિ કરે તો અનેક અકસ્માતો આ માર્ગ પર સર્જાવાની ગંભીર દહેશતો સર્જાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરા, વડિયા સહિતનાં વિસ્તારોમાં

સરેરાશ વરસાદ સામે લગભગ તેટલો જ વરસાદ થોડા જ દિવસોમાં પડી જતાં જગતાત ગણાતા ખેડૂતો, વેપારીઓ સહિત સૌ કોઈમાં રાહત ફરી વળી છે.

બીજી તરફ મોં માંગ્યા વરસાદ બાદ પણ વાતાવરણમાં ગરમીનો અનુભવ સૌને થતો હોય હજુ પણ વરસાદ પડવાની સંભાવનાઓ વ્યકત કરવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લામાં સતત પડતા વરસાદથી જિલ્લાનાં અનેક માર્ગોની હાલત બિસ્માર બની છે અને માર્ગો બનાવવામાં થયેલ ભ્રષ્ટાચારની લેબોરેટરી મેઘરાજાએ કરી દીધી હોવાનું સૌ માની રહ્યું છે.

**બાબરા**

બાબરા તાલુકામાં બપોર બાદ મેઘરાજાનું જોરદાર આગમન થતાં સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. બાબરા શહેરમાં માત્ર ઝાંપટુ પડયું હતું તો તાલુકાનાં સમઢીયાળા, કોટડાપીઠા, નવાણીયા, ઉંટવડ સહિતનાં વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતાં ગામ તેમજ ખેતરમાં પાણી વહેતા થયા હતા. સમઢીયાળામાં એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ પડી જતાં ગામની સ્થાનિક નદી કાળુભારમાં ઘોડાપુર આવ્યું હતું.

**વડિયા**

ચોમાસાનાં વરસાદનાં બીજા રાઉન્ડમાં વરસાદની આગાહી સાથે શરૂઆત થતી જોવા મળી છે. ગુજરાતમાં છુટાછવાયા વરસાદનાં સમાચાર બાદ અમરેલી જિલ્લાનાં છેવાડાનાં તાલુકા મથક એવા વડિયામાં ઢળતી સાંજે ૬ વાગ્યા બાદ વરસાદી માહોલ સર્જાયો હતો અને ધીમી ધારે વરસાદની શરૂઆત થતાં બજારો અને શેરીઓમાં પાણી વહેતા થયા હતા. ત્યારે ઢળતી સાંજનું વરસાદ વાતાવરણ જોતા રાત્રે ફરી સુરવો ડેર ઓવરફલો થઈ શકે તેવું વાતાવરણ સર્જાયું હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે વિરામ બાદ ફરી મેઘરાજા મેઘ મહેર તરફ આગળ વધતા જોવા મળી રહ્યા હોય તેવું જોવા મળી રહ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૫૦ | ૧૫૪૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૮૩ | ૧૬૨૬ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૨૩૪૧ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૬૦૦ | ૧૯૨૭ |
| ૫ | તલ સફેદ | ૧૭૮૦ | ૩૩૩૮ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૨૪૨ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૫૦ | ૩૪૪૧ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૩૨ |
| ૯ | જુવાર | ૮૮૦ | ૧૦૨૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૦૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૪૯૬ |
| ૧૨ | મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| ૧૩ | મગ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૧૪ | ચણા | ૬૦૫ | ૧૦૨૧ |
| ૧૫ | તુવેર | ૧૫૦૪ | ૧૫૫૧ |
| ૧૬ | કપાસ | ૯૮૦ | ૧૪૪૩ |
| ૧૭ | એરંડા | ૮૫૦ | ૧૧૮૭ |
| ૧૮ | ધાણા | ૮૨૫ | ૧૩૦૫ |
| ૧૯ | અજમા | ૨૦૦૦ | ૩૭૪૫ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૯૩૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૫૧ | ૧૬૧૧ |
| ૨ | શીંગદાણા | ૧૭૫૦ | ૨૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૨૫ |
| ૪ | જીરૂ | ૧૦૦૦૦ | ૧૧૫૦૦ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૩૭ | ૪૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૧૯ |
| ૮ | બાજરો | ૩૭૫ | ૪૪૦ |
| ૯ | જુવાર | ૬૫૦ | ૯૦૦ |
| ૧૦ | અડદ | – | ૧૬૯૦ |
| ૧૧ | ચણા | ૮૭૦ | ૯૬૬ |
| ૧૨ | સફેદ ચણા | ૧૪૫૦ | ૧૭૭૦ |
| ૧૩ | તુવેર | ૧૦૫૦ | ૧૧૬૨ |
| ૧૪ | એરંડી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૫ | મેથી | – | ૩૪૯૫ |
| ૧૬ | ધાણા | ૯૨૫ | ૧૧૮૮ |
| ૧૭ | સોયાબીન | ૮૫૦ | ૯૧૭ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૫૧ | ૪૫૧ |
| ૨ | ચણા | ૮૩૬ | ૯૫૧ |
| ૩ | બાજરો | ૪૩૫ | ૪૩૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૪ | ૧૪૫૬ |
| ૨ | મગફળી | ૧૨૪૦ | ૧૪૫૦ |
| ૩ | ઘઉં | ૪૦૯ | ૫૨૧ |
| ૪ | ચણા | ૮૯૦ | ૯૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૮૨૧ | ૯૧૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૬૪ |
| ૩ | સોયા | ૮૫૦ | ૯૦૭ |
| ૪ | મગફળી | ૧૪૧૧ | ૧૪૩૯ |
| ૫ | શીંગ દાણા | ૨૦૦૨ | ૨૦૦૨ |
| ૬ | ચણા સફેદ | ૯૯૫ | ૯૯૫ |
| ૭ | ધાણા | ૯૫૦ | ૧૨૩૦ |
| ૮ | તલ સફેદ | ૩૨૬૯ | ૩૨૬૯ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૫ | ૧૪૨૫ |
| ૨ | ચણા | ૮૧૧ | ૮૧૧ |
| ૩ | બાજરો | ૪૨૫ | ૪૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| ૨ | તલ સફેદ | ૩૨૦૦ | ૩૩૫૦ |
| ૩ | તલ કાળા | ૨૮૩૫ | ૨૯૫૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૧૧ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૪૨૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૪૫૧ |
| ૭ | જુવાર | ૮૦૧ | ૮૭૬ |
| ૮ | તુવેર | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૯ | ચણા | ૭૯૧ | ૧૦૦૦ |
| ૧૦ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | સોયાબીન | ૯૦૦ | ૯૦૦ |

# ઉના ખાતે ચુડાનાં સમઢીયાળા ગામે થયેલ ડબલ મર્ડરનાં વિરોધમાં આવેદનપત્ર પાઠવાયું



ઉના, તા.૧૭

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાનાં સમઢીયાળામાં ગત તા.૧૨ જુલાઈ - ૨૦૨૩નાં રોજ બનેલ ઘટનામાં અનુસૂચિત જાતિનાં બે સગા ભાઈઓની અસામાજીક તત્વો દ્વારા જાતિવાદને લઈને નિર્મમ હત્યા કરવામાં આવેલ છે. તેમજ અન્ય ઘટના લોકોને ગંભીર ઈજાઓ કરેલ હોય આ બનેલ દુઃખદ ઘટનામાં નાસતા ફરતા આરોપીઓની તાત્કાલીક પોલીસ ધરપકડ કરી એટ્રોસીટી એકટ મુજબ ફાસ્ટ્રક કોર્ટમાં કેસ ચલાવી પીડીત પરિવારને ત્વરીત ન્યાય અપાવવામાં આવે અને આવા અન્ય કિસ્સાઓ સમસ્ત દેશભરમાં બનતા હોય તે તાત્કાલીક ધોરણે અટકે અને પીડીત પરિવારને ન્યાય મળે તે બાબતે સમસ્ત અનુસૂચિત જાતિ સમાજ ઉના ગીરગઢડાનાં જશાભાઈ વિંઝુડા, વિનુભાઈ ચૌહાણ, ભાઈદાસભાઈ વાળા, બધાભાઈ વિંઝુડા, હરિભાઈ સાવ, કાનજીભાઈ સાંખટ, રમેશભાઈ વણઝારા, એડવોકેટ જે.બી.પરમાર સહીતના મોટી સંખ્યામાં લોકો રાષ્ટ્રપતિ, રાજયપાલ, મુખ્ય મંત્રીને સંબોધીને ઉના પ્રાંત કચેરી ખાતે ડેપ્યુ.કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાનાં સમઢીયાળા ગામમાં થયેલ અનુસૂચિત જાતિનાં થયેલા સગા બે ભાઈઓનાં ડબલ હત્યાનાં મામલે એટ્રોસીટી એકટ જેવા ગંભીર ગુનાઓમાં આઈ.પી.સી.કલમ ૩૨૬,૩૦૭, જેવા ગંભીર પ્રકારનાં ગુનાઓમાં પોલીસ ટેબલ જામીન આપી છોડી મુકે છે. આ પ્રકારે જે ટેબલ જામીન આપવામાં આવે તે તાત્કાલીક ધોરણે બંધ કરવામાં આવે તેવી અનુસૂચિત જાતિ દ્વારા ઉગ્ર રજુઆત કરેલ તેમ છતાં એટ્રોસીટી એટક જેવા ગંભીર ગુનાઓમાં આગોતરા તેમજ ટેબલ જામીન આપવામાં આવશે તો તેના વિરૂધ્ધમાં દેશભરમાં ગાંધી ચિંધ્યા માર્ગે ના-છુટકે આંદોલન ઉપર ઉતરવામાં મજબુર થવું પડશે. જેની ગંભીર નોંધ લેવા પણ રજુઆતમાં જણાવેલ છે.

આ બનાવ થયા પહેલા અગાઉ પીડીત પરીવાર દ્વારા અનેક વખત પોલીસમાં રજુઆત કરવા તેમજ પોલીસ પ્રોટેકશનની માંગણી કરેલ હોવા છતાં પોલીસ રક્ષણ મળેલ નથી. અને જે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલ છે. તે લોકો ઉપર ધોરણસરની કાર્યવાહી કરવામાં આવે અને પીડીત પરીવારનાં લોકોને યોગ્ય સારવાર મળી રહે તે માટે સરકાર દ્વારા સુરક્ષા આપવામાં આવે તથા ફરાર આરોપીઓને પકડી અને કડકમાં કડક કાર્યવાહી કરવા અને પીડીત પરીવારને ન્યાય મળે અને પીડીત પરીવારનાં લોકોમાંથી બે વ્યકિતને સરકારી નોકરીમાં લેવામાં આવે એવી પણ માંગ કરી હતી. અને પોલીસ અધિક્ષક સુરેન્દ્રનગર જિલ્લામાં આઠ જેટલી શરતો તાત્કાલિક ધોરણે અમલવારી થાય અને પિડીત પરીવારને પોલીસ રક્ષણ મળે તેવી પણ માંગણી સાથે રજુઆત કરી હતી.

### દિવસમાં ગમે તે સમયે વીજળીની આવન-જાવન

# અમરેલીના કેરિયા માર્ગનાં રહેવાસીઓ અનિયમિત વીજળીથી તોબા પોકારી ગયા

### બીમાર, વૃદ્ધ, બાળકો સહિત સૌ કોઇ પરેશાન

અમરેલી, તા.૧૭

અમરેલી શહેરમાં છેલ્લા થોડા મહિનાઓથી અનિયમિત વીજળીની સમસ્યા શહેરીજનો માટે માથાના દુઃખાવા રૂપ બની છે.

દિવસ-રાત ગમે તે સમયે કલાકો સુધી વીજળી ગુલ થતી હોય ફોલ્ટ સેન્ટર પર યોગ્ય જવાબ મળતો ન હોવાની ફરિયાદ ઉભી થઈ રહી છે. દરમિયાનમાં કેરિયા માર્ગ પર આવેલ સુરભી ફીડરમાં આજે સાંજે ૩ થી ૪ કલાક સુધી વીજળી ગુલ થતા બીમાર, વૃધ્ધ અને બાળકો સહિત સૌ કોઈ પરેશાન થયા હતા અને આ પ્રકારની ફરિયાદ અવાર નવાર ઉભી થતી હોય ઉચ્ચ અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાંથી જરૂરી આદેશ આપી વીજળી ગુલ થવાની સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ વીજગ્રાહકોમાંથી ઉભી થઈ છે.

### દિલ્હીના વટહુકમનો વિરોધની કોંગ્રેસની જાહેરાત

# વિપક્ષો એક થાય તો પણ કેન્દ્ર સંસદમાં વટહુકમને મંજૂરી અપાવી શકશે

### રાજ્યસભામાં સરકાર પાસે બહુમતી નથી, આ મામલે કેજરીવાલને કોંગ્રેસનું સમર્થન મહત્વપૂર્ણ કહેવાય છે

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હીમાં લવાયેલા વટહુકમનો વિરોધ કરવાની કોંગ્રેસ દ્વારા જાહેરાત કરાયા બાદ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને આંશિક રાહત થઈ છે. આ જાહેરાત બાદ વિપક્ષી દળોની બીજી બેઠકમાં કેજરીવાલના સામેલ થવાનો રસ્તો સાફ થઈ ગયો છે, જોકે તમામ વિપક્ષો એક થાય તો પણ કેન્દ્ર સરકાર સંસદમાં વટહુકમને મંજૂરી અપાવી શકે છે, તેમાં કોઈપણ પ્રકારની અડચણ ઉભી થવાની સંભાવના હાલ દેખાતી નથી.


દિલ્હી પરના વટહુકમને રાજ્યસભા અને લોકસભામાં બંને ગૃહોમાં પાસ કરાવવો જરૂરી છે. પરંતુ રાજ્યસભામાં સરકાર પાસે બહુમતી નથી, તેથી આ મામલે કેજરીવાલને કોંગ્રેસનું સમર્થન મહત્વપૂર્ણ કહેવાય છે. પરંતુ હકીકત એ છે કે, આંકડાઓ મુજબ સરકાર માટે વટહુકમને રાજ્યસભામાં પાસ કરાવવામાં કોઈ મુશ્કેલી નહીં પડે... ઉલ્લેખનિય છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા દિલ્હીમાં ચૂંટાયેલી સરકારને લાંબી લડાઈ બાદ એડમિનિસ્ટ્રેશન સર્વિસિઝનો અધિકાર મળ્યો હતો. જોકે કેન્દ્ર સરકારે વટહુકમ લાવી દિલ્હી સરકાર પાસેથી આ અધિકાર પરત લઈ લીધો... કેન્દ્ર સરકારે ૧૯મી મેએ વટહુકમ (ગવર્નમેન્ટ ઑફ નેશનલ કેપિટલ ટેરિટરી ઑફ દિલ્હી (સુધારા) વટહુકમ, ૨૦૨૩) દ્વારા એક ઓથોરિટી બનાવી, જે ગ્રુપ-એ અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગ કરશે. કેન્દ્ર સરકારના આ વલણને દિલ્હી સરકારે છેતરપિંડી કહી હતી. અરવિંદ કેજરીવાલ સરકાર દ્વારા કોર્ટમાં અરજી કરાઈ હતી, જેમાં વટહુકમને 'કાર્યકારી આદેશનો ગેરબંધારણીય અભ્યાસ' કહ્યો હતો. દલીલ કરાઈ હતી કે, આ બંધારણના મૂળભૂત માળખાને 'ઓવરરાઈડ' કરવાનો પ્રયાસ છે. દિલ્હી સરકારે વટહુકમ પર વચગાળાના સ્ટેની માંગણી કરી હતી. દરમિયાન આ વટહુકમને કાયદા હેઠળ લાવવા સંસદમાં મંજૂર કરાવવાનો છે, ત્યારે આ વટહુકમને વિધેયક રૂપે સંસદના ચોમાસા સત્રમાં રજુ કરવામાં આવે તેવી સંભાવના છે.

લોકસભામાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર પૂર્ણ બહુમતમાં છે. જોકે વટહુકમને રાજ્યસભામાં પાસ કરાવવાને લઈ સવાલો ઉઠી રહ્યા છે, જ્યાં એનડીએસરકાર પાસે બહુમતી નથી. આ જ કારણે કેજરીવાલ વિપક્ષી દળોની બેઠકમાં સામેલ થતા પહેલા કોંગ્રેસ પાસે કેન્દ્ર સરકારના વિધેયકનો વિરોધ કરવાની ગેરંટી માગી રહ્યા હતા. પરંતુ જો રાજ્યસભામાં સત્તાધારીપક્ષ, વિપક્ષ અને અન્ય પક્ષોના સાંસદોનું સમીકરણ એટલે કે આંકડાકીય સંખ્યાબળ જોઈએ તો મોદી સરકારને રાજ્યસભામાં વટહુકમને પાસ કરાવવામાં પણ કોઈ મુશ્કેલી જોવા મળી રહી નથી.

રાજ્યસભામાં સાંસદોની હાલની સંખ્યા ૨૩૭ છે. આવી સ્થિતિમાં વિધેયક પાસ કરાવવા ઓછામાં ઓછા ૧૧૯ સાંસદોના વોટની જરૂર પડશે. ભાજપ પાસે રાજ્યસભામાં પોતાના ૯૨ સાંસદો છે, જ્યારે એનડીએના કુલ સાંસદોની સંખ્યા ૧૦૪ છે. તો બીજી તરફ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ભારત રાષ્ટ્રસમિતિ (બીઆરએસ) સહિત વિપક્ષી દળોની કુલ સભ્ય સંખ્યા ૧૦૫ થાય છે. આમાંથી બીઆરએસ સિવાય તમામ વિપક્ષી દળો બેંગલુરુમાં યોજાનારી બેઠકમાં સામેલ થવાના છે. આ તમામ પક્ષોએ દિલ્હી વટહુકમનો વિરોધ કરવાનો નિર્ણય લીધો છે. એનડીએ પાસે રાજ્યસભામાં ૧૦૪ સભ્યો છે... ઉપરાંત સત્તાધારી પક્ષ ભાજપને ૫ નામાંકિત અને ૨ અપક્ષ સાંસદોનું પણ સમર્થન મળવાનું નક્કી છે. આ રીતે સત્તાધારી પક્ષની અસરકારક સંખ્યા ૧૧૧ પર પહોંચી જાય છે. આવી સ્થિતિમાં ૨ પક્ષો ઓડિશામાં સત્તાધારી બીજેડી અને આંધ્રપ્રદેશની સત્તાધારી વાઈએસઆર કોંગ્રેસની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ જોવા મળી શકે છે. આ બંને પક્ષો પાસે ૯-૯ સાંસદો છે.

આ બંને પક્ષોએ ઘણા મહત્વપૂર્ણ સમયસંજોગો વખતે સરકારને સમર્થન આપ્યું છે અને તેઓ વિરોધ પક્ષો સાથે પણ નથી. જ્યારે રાજ્યસભામાં દિલ્હી વટહુકમ વિધેયક પર મતદાન શરૂ થાય અને જો આ બંને પક્ષો (બીજેડીઅને વાયએસઆરકોંગ્રેસ) ગેરહાજર રહે, તો આ વિધેયકને પાસ કરાવવા માટે જરૂરી સંખ્યા ઘટીને ૧૧૦ થઈ જશે. જ્યારે સરકાર પાસે પોતાના ૧૧૧ સભ્યો છે. એટલું જ નહીં જેડીએસ, ટીડીપી અને બીએસપી પાસે પણ ૧-૧ સાંસદો છે. આ પક્ષો પણ અગાઉ ઘણા મહત્વપૂર્ણ સમયસંજોગો વખતે કેન્દ્ર સરકારને સમર્થન આપી ચુકી છે. જ્યારે ટીડીપી અને જનતા દળ (સેક્યુલર) એનડીએમાં સામેલ થવાની ચર્ચા પણ ચાલી રહી છે. જો વટહુકમ મામલે કેન્દ્રની મોદી સરકારને બીજેડી (૯ સાંસદ), વાઈએસઆર કોંગ્રેસ (૯ સાંસદ), જેડીએસ (૧ સાંસદ), ટીડીપી (૧ સાંસદ) અને બીએસપી (૧ સાંસદ)નો સાથ મળશે તો એનડીએમાં સભ્યોની સંખ્યા ૧૩૨ પર પહોંચી જશે અને વટહુકમ વિધેયકને પાસ કરાવવા માટે મોદી સરકારનો રસ્તો સાફ થઈ જશે. ઉપરોક્ત આ તમામ આંકડો પર નજર કરીએ તો કેન્દ્ર સરકારને દિલ્હી પર વટહુકમ લાવવામાં સંસદમાંથી મંજૂરી મળવાનું નક્કી છે, પરંતુ જો આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી અને ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક આ વિધેયકને પાડવાનો નિર્ણય ન લે... પરંતુ હાલમાં આવી કોઈ સંભાવના દૂર-દૂર સુધી દેખાતી નથી.

# અધિક માસની અમૃતધારા



## પુરૂષોત્તમ સ્તુતિ

**નમમસ્તે દેવદેવેશ ત્રૈલોકયાભયદ પ્રભો ।**
**સર્વેશ્વર નમસ્તેડસ્તુ ત્વામહં શરણં ગતઃ ॥**

હે દેવ ! હે દેવોના ઈશ્વર ! હે ત્રણે લોકને અભયદાન કરનાર પ્રભો ! આપને નમસ્કાર હો, હે દેવેશ્વર ! આપને નમસ્કાર હો, હે પરમેશ્વર ! હું આપને શરણે આવ્યો છું.

**પાહિ માં પરમેશાન શરણાગતવત્સલ ।**
**જગદ્વન્ધ નમસ્તેડસ્તુ પ્રપન્નભયભંજન ॥**

હે શરણાગત વત્સલ ! આપ મારું રક્ષણ કરો હે જગદ્વંદ્ય ! હે શરણાગતનો ભય ભાંગનાર ! આપને નમસ્કાર હો.

**જયસ્વરૂપં જયદં જયેશં જયકારણમ્ ।**
**વિશ્વાધારં વિશ્વસંસ્થં વિશ્વકારણકારણમ્ ॥**

આપ જયસ્વરૂપ, જય આપનાર, જયના નિયંતા, જયનું કારણ, જગતના આધાર, જગતમાં બધે રહેલા, જગતના કારણનું પણ કારણ છો.

**વિશ્વૈકરક્ષકં દિવ્યં વિશ્વઘ્નં વિશ્વપંજરમ્ ।**
**ફલેબીજં ફલાધારં ફલમૂલં ફલપ્રદમ્ ॥**

આપ જગતના એકમાત્ર રક્ષક, દિવ્ય, જગતનો સંહાર કરનારા, જગતના (ધારક) પાંજરા જેવા, સર્વ કર્મફળના બીજરૂપ, ફળના આધારર, ફળના મુળરૂપ, ફળ આપનારા છો.

**તેજઃસ્વરૂપં તેજોદં સર્વતેજસ્વિનાં વરમ્ ।**
**કૃષ્ણં વિષ્ણું વાસુદેવં વન્દેડહં દીવત્સલમ્ ॥**

આપ તેજઃસ્વરૂપ તેજ આપનાર અને સર્વ તેજસ્વીઓમાં શ્રેષ્ઠ છો. દીનજનો પર પ્રેમ રાખનાર, વિષ્ણુસ્વરૂપે સર્વવ્યાપક તથા સર્વ સ્થળે વાસ કરનાર વાસુદેવ આપ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું. **(ક્રમશઃ)**



**સંપાદક : મહેન્દ્ર જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

### લોકશાહીનાં પ્રહરી સમાન ગણાતા પત્રકારોને મુકિત આપો

# સા.કુંડલા : પત્રકારોને ટોલટેક્ષમાંથી મુકિત આપવા પત્રકાર સંઘની માંગ

### મુખ્યમંત્રીને પત્ર પાઠવતાં સંઘ પ્રમુખ ઈકબાલ ગોરી



સા.કુંડલા, તા.૧૭

સાવરકુંડલા પત્રકાર સંઘનાં પ્રમુખ ઈકબાલ ગોરીએ ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત પાત્ર પાઠવીને કરેલ રજુઆતમાં જણાવેલ હતું કે પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાનાં પત્રકારો જનતાની સેવા કરે છે. ઉનાળામાં પાણીની સમસ્યાઓ હોય કુદરતી આફત વાવાઝોડુ હોય, પુર-હોનારાત હોય વિગેરે સમસ્યાઓ તેમજ ભ્રષ્ટાચારયુકત કામગીરી થતી હોય અને લોકો સમસ્યાનું નિરાકરણ આવતું ન હોય તેવી ગંભીર બાબતોનું કવરેજ કરવા માટે પત્રકારો પોતાનાં સ્વખર્ચે અને પોતાનાં જાનનાં જોખમે પોતાની ફરજ બજાવતા હોય છે. ત્યારે રસ્તામાં આવતા ટોલટેક્ષ ભરવા ઉભું રહેવું પડે છે.

ત્યારે પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાવાળાઓને લોકોની સમસ્યા મુસીબતનો અંત લાવવા માટે પેપરમાં લખતા હોય છે. અને ચેનલમાં બતાવતા હોય છે. ત્યારે તેમાં કોઈપણ જાતનો પગાર મળતો મળતો નથી ત્યારે લોકોની સેવા પોતાનાં જાનનાં જોખમે અને સ્વખર્ચે કામ કરતાં દૈનિક પેપરોનાં રિપોર્ટર ઈલેકટ્રોનિક મીડિયાનાં રિપોર્ટર અને સાપ્તાહિક અખબાર એડીટરોને ટોલટેક્ષની ચુકવવાની થતી ફીમાંથી મુકિત આપવા સાવરકુંડલા પત્રકાર સંઘનાં પ્રમુખ ઈકબાલ ગોરી દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવેલ છે.

### ટાવર ચોક વેપારીઓની માંગ સફળ રહી

# અમરેલીથી આજથી ૨ મહિના સુધી વેરાવળ (સોમનાથ) સુધી વ્હેલી સવારે ટ્રેન સેવા

### સાંસદને કરાયેલ રજૂઆત સફળ રહેતા ખુશી

અમરેલી, તા. ૧૭

ટાવર ચોક વેપારી એસોસિએશનની રજૂઆતથી સાંસદ નારણભાઈ કાછડીયાએ આવતીકાલ તા. ૧૮/૭/૨૦૨૩ અધીક શ્રાવણ માસથી સોમનાથ જવા માટે ભાવિકોની સુવિધા માટે અમરેલી થી વેરાવળ જવા માટે સવારે ૫:૪૦ એ ઉપડશે અને વળતા બપોરે ૨ વાગ્યે પરત ફરશે. ટ્રેન આ બન્ને શ્રાવણમાસ દરમ્યાન ચાલુ રહેશે. પ્રથમ જયોર્તિલીંગ સોમનાથ મહાદેવનાં દર્શનનો લ્હાવો મળે તે માટે ટાવર ચોક વેપારી એસોસિએશની રજૂઆત સાંભળી સાંસદએ સ્પે. ટ્રેન ચાલુ કરાવતા આનંદની લાગણી પ્રસરી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ભારતીય મજદુર સંઘનાં કર્મયોગીઓ દ્વારા

# ભુરખીયા હનુમાન મંદિર ખાતે સામાજિક સુરક્ષાનો સેમિનાર યોજાયો

### પા.પૂ. વિભાગ સહિતનાં કર્મચારીઓ જોડાયા



અમરેલી, તા. ૧૭

ભારતીય મજદુર સંઘ સંલગ્ન ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ કર્મચારી સંઘ(બી.એમ.એસ.) અને અમરેલી જિલ્લા મજદુર સંઘનાં સંયુકત ઉપક્રમે જી ૨૦/ લેબર ૨૦ અંતર્ગત 'સામાજિક સુરક્ષા' અંગેનો રાજય કક્ષાનો ભવ્ય સેમિનાર લાઠી તાલુકાનાં ભૂરખીયા હનુમાન મંદિર ખાતે તા. ૧૬/૭/૨૦૨૩નાં રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦ કલાક દરમ્યાન યોજાઈ ગયો.

ગીર સોમનાથ જિલ્લા મંત્રી નાનાભાઈ પાટિલે શ્રમિક ગીત ગવડાવી કાર્યક્રમની શરૂઆત કરી. ભારતીય મજદુર સંઘ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સહદેવસિંહ જાડેજા, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવે, મહામંત્રી વી.પી. પરમાર તથા અધિક કલેકટર ટાંક તેમજ અન્ય બી.એમ.એસ. પ્રદેશ પદાધિકારીઓએ દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરી.

ઉકત સેમિનારમાં ગુજરાત રાજયનાં ૩૩ જિલ્લાઓમાંથી ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ કર્મચારી સંઘ(બીએમએસ)નાં મુખ્ય પદાધિકારી તેમજ અમરેલી જિલ્લાનાં જુદા-જુદા તમામ યુનિટો જેવા કે, એસ.ટી. પરિવહન, આંગણવાડી, આશાવર્કર, આરોગ્ય, નગરપાલિકા, મધ્યાહન ભોજન તેમજ ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ અમરેલી જિલ્લાનાં સિવિલ તેમજ યાંત્રિક વિભાગનાં તમામ અધિકારી/કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત અમરેલી જિલ્લાનાં જુદા જુદા ઉદ્યોગો જેવા કે અલ્ટ્રાટેક સિમેન્ટ, નર્મદા સિમેન્ટ, પીપાવાવ પોર્ટ, પીપાવાવ શિપયાર્ડમાંથી પણ વિશાળ સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ કર્મચારી સંઘ(બીએમએસ)નાં અધ્યક્ષ કેતનભાઈ પંડયાએ ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરી સેમિનારની શરૂઆત કરી ત્યારબાદ ગુજરાત પ્રદેશ બી.એમ.એસ.નાં મહામંત્રી વી.પી. પરમારએ જી-૨૦ તેમજ એલ-૨૦ અંગે વિસ્તૃત જાણકારી આપતા જણાવેલ કે, વર્ષ-૨૦૨૩માં જી-૨૦નું યજમાન પદ ભારતને મળેલ છે. જેમાં વિશ્વનાં વિક્રમીત ૨૦ જેટલા દેશો ભેગા મળીને પ્રવર્તમાન સમસ્યાઓ અંગે ચિંતન કરે છે. અને તેના નિવારણ માટે ભવિષ્યનો રોડમેપ તૈયાર કરે છે. તે જ રીતે લેબર-૨૦ અંતર્ગત વિશ્વનાં આ ૨૦ જેટલા દેશોનાં પ્રતિનિધિઓ ભેગા મળીને શ્રમિકોની સમસ્યાઓ અંગે ચિંતન કરે છે. અને તેના નિવારણ માટે ભવિષ્યનો રોડમેપ તૈયાર કરે છે. આમ, એલ-૨૦નું વર્ષ-૨૦૨૩નું ચેરમેન પદ ભારતનાં પ્રથમ નંબરનાં યુનિયન ભારતીય મજદૂર સંઘને મળેલ છે. અને તે નાતે ભારતીય મજદૂર સંઘનાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમાન, હિરમણ્ય પંડયાજી સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરી રહ્યાં છે. તેઓ ગુજરાતનાં વતની હોવાના નાતે આપણા માટે ગૌરવની વાત છે. તેમ જણાવી પોતાનું વકતવ્ય પૂર્ણ કરેલ.

ત્યારબાદ ગુજરાત પ્રદેશ બી.એમ.એસ.નાં અધ્યક્ષ સહદેવસિંહ જાડેજાએ ભારતીય મજદૂર સંઘની નીતિ-રીતિ અને કામગીરી અંગે વિસ્તૃત જાણકારી આપતા જણાવેલ કે, અન્ય ટ્રેડ યુનિયન કરતાં ભારતીય મજદૂર સંઘ કઈ રીતે જુદું પડે છે અને ભારતનો નંબર વન યુનિયન છે. કારણ કે, ભારતીય મજદૂર સંઘે એવા ઘણાં મુશ્કેલ જણાતા કાર્યો પાર પાડેલ છે. અને શ્રમિકો તેમજ કર્મચારીઓને ન્યાય સંગત લાભો અપાયેલ છે. ભારતીય મજદૂર સંઘનાં કાર્યકર્તાઓ નિઃસ્વાર્થ ભાવે અને પરિવાર ભાવનાથી જોડાયેલ છે અને રાષ્ટ્રને સમર્પિત થઈ રાષ્ટ્ર વિકાસ અને રાષ્ટ્ર હિતને સર્વોપરી માનીને કાર્ય કરે છે. તેમ જણાવી પોતાનું વકતવ્ય પૂર્ણ કરેલ.

આ ઉપરાંત આર.એસ.એસ.નાં વિભાગ પ્રચારક કુલદીપસિંહ ગોહિલ સેમિનારમાં ઉપસ્થિત હોઈ તેઓએ પણ સંગઠન એટલે શું? તેમ જણાવી સંગઠન વિશે વકતવ્ય આપેલ. જિલ્લા યુવા ભાજપમાંથી પધારેલ યુવા અર્જુનભાઈ દવેએ પણ સ્કીલ ડેવલોપમેન્ટ અને માતૃશકિત વિશે વકતવ્ય આપેલ.

પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવેએ પોતાનાં વકતવ્યમાં માર્ગદર્શન આપતા જણાવેલ કે લોકો બી.એમ.એસ. પાસે પોતાના દુઃખ દર્દ લઈને આવે છે. બી.એમ.એસ. તેમનું કામ કરશે તેવા વિશ્વાસ સાથે લોકો બી.એમ.એસ.માં જોડાય છે. અને લોકોની અપેક્ષા કરતાં પણ વધુ આપે છે. ત્યારબાદ તેઓએ સામાજિક સુરક્ષા વિષયને અનુરૂપ ઘણી જાણકારી, વિસ્તૃત માહિતી આપી અને જણાવેલ કે, સામાજિક સુરક્ષા એટલે માત્ર કર્મચારીઓ જ નહીં પરંતુ સમાજનાં તમામ ક્ષેત્રનાં લોકો પછી તે રેકડી ચલાવનાર વ્યકિત હોય કે ઓટોરિક્ષા ચલાવતા હોય તે તમામ વર્ગનાં લોકોની સુરક્ષા એટલે સામાજિક સુરક્ષા તેમ જણાવેલ. સેમિનારનાં અંતે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ કર્મચારી સંઘ(બી.એમ.એસ.)નાં મહામંત્રી જનકભાઈ બ્રહ્મભટ્ટ આભારવિધિ કરતાં હાજર રહેલ તમામ પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ આશાવર્કર, ફેસિલિટર, આંગણવાડી, મધ્યાહન ભોજનમાંથી વિશાળ સંખ્યામાં હાજર રહેલ બહેનો, માતાઓ તથા આમંત્રિત મહેમાનો તેમજ સેમિનારમાં સફળતાપૂર્વક આયોજનકરનાર અમરેલી જિલ્લા મજદૂર સંઘના અધ્યક્ષ હેમુભાઈ પંડયા તથા જિલ્લા મંત્રી જયેશભાઈ નિમાવત તથા સમગ્ર ટીમ તેવી જ રીતે મંડપ સર્વિસ, સાઉન્ડ સિસ્ટમ તેમજ અન્ય નામી, અનામી તમામનો આભાર માની સેમિનાર પૂર્ણ જાહેર કરેલ.

સેમિનારનાં અંતે શ્રી ભુરખીયા હનુમાનજીને થાળ ધરી ભોજનપ્રસાદ સાથે લઈ સૌ છૂટા પડયા.

### સાંસદ નારણભાઈ કાછડીયાનાં પ્રયાસથી

# અમરેલી-વેરાવળ ટ્રેનનું આજ સવારે ૫:૪૭ કલાકે ઉપડી રીટર્ન સાંજે ૬:૪૫ કલાકે પરત પહોંચે તે રીતે સંચાલન થશે

### અધિક શ્રાવણ માસને ધ્યાને લઈ સાંસદે રેલ્વે વિભાગને તાકીદ કરેલ હતી

અમરેલી, તા. ૧૭

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાના પ્રયાસથી અમરેલી-વેરાવળ ટ્રેન આજ તા. ૧૮મી જુલાઈથી વહેલી સવારે ૦૫:૪૭ કલાકે અમરેલીથી ઉપડી સાંજે ૦૬:૪૬ કલાકે પરત અમરેલી પહોંચે તે રીતે સંચાલન ચાલુ થવા પામેલ છે.

સાંસદ દ્વારા આજથી બેસેલ અધિક શ્રાવણ માસને ધ્યાને લઈ ગત તા. ૨૮/૦૬/૨૦૨૩ ના રોજ રેલ્વે વિભાગને સવારે ૦૮:૫૭ કલાકે સંચાલન થતી અમરેલી-વેરાવળ ટ્રેનના સમયમાં ફેરફાર કરી વહેલી સવારે ચલાવવા રજુઆત કરવામાં આવેલ હતી.

આ અંગે સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવેલ છે કે, આજથી અધિક શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહયો છે. ત્યારે સૌ લોકોને અધિક શ્રાવણ માસની શુભેચ્છાઓ પાઠવુ છું અને મારી સમક્ષ અમરેલી ટાવર ચોક વેપારી એશોસિએશન, ચેમ્બર ઓફ કોમર્સ, જીલ્લાની વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓ અને શ્રધ્ધાળુઓ તરફથી કરવામાં આવેલ રજુઆતના અનુસંધાને રેલ્વે વિભાગમાં ગત તા. ૨૮મી જુનનાં રોજ કરાયેલ રજૂઆતના પરીણામ સ્વરૂપે અમરેલી-વેરાવળ મીટરગેજ ટ્રેન આજથી વહેલી સવારે અમરેલીથી ૦૫:૪૭ કલાકે ઉપડી, બપોરે ૧૦:૩૦ કલાકે વેરાવળ પહોંચશે. ત્યાર બાદ વેરાવળ-અમરેલી ટ્રેન ૦૨:૧૦ કલાકે વેરાવળથી ઉપડી સાંજે ૦૬:૪૬ કલાકે અમરેલી રીટર્ન પહોંચશે.

જેથી અમરેલી જીલ્લાના શ્રધ્ધાળુઓને અધિક શ્રાવણ માસ તેમજ શ્રાવણ માસ એટલે કે બે મહિના સુધી આ સમય પ્રમાણે અમરેલી-વેરાવળ ટ્રેનનો લાભ મળશે.

તદ્દન મફત/વિના મુલ્યે
આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૧૮-૦૭-૨૦૨૩, મંગળવાર | સમય : સવારનાં ૯ થી ૧,
તા. ૧૯-૦૭-૨૦૨૩, બુધવાર | સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.

કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## જેના પરસેવાનાં પૈસાથી માર્ગો બને છે તે જનતા જનાર્દન જ પરેશાન

# તોબા... તોબા : સાવરકુંડલા–ધજડી–ખાંભા માર્ગ ભયજનક

**અમરેલી જિલ્લામાં માર્ગ-મકાન પંચાયત અને સ્ટેટ વિભાગમાં ભ્રષ્ટાચારરૂપી બલાનાં કારણે મોટાભાગનાં માર્ગો ભયજનક**

**કરોડો રૂપિયાનાં ખર્ચે બનતા મોટાભાગનાં માર્ગોમાં ભ્રષ્ટબાબુ, બેઈમાન એજન્સી અને રાજકીય આગેવાનોની મિલીભગતથી પરેશાની**

**રાજયનાં સ્ટેટ વિજીલન્સ વિભાગ તમામ માર્ગોની સમીક્ષા કરે તો ચોંકાવનારી હકીકતો સામે આવે તેમ છે**

**૦.૨૫ ટકાથી લઈને છેક પાંચ ટકા સુધીની રકમ જુદા-જુદા અધિકારી કે પદાધિકારી સુધી પહોંચતી હોવાની ચર્ચા**




અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી કરોડો રૂપિયાનાં ખર્ચે નાના–મોટા માર્ગો અને પુલ તેમજ સરકારી મકાનો બન્યા છે. તેમાં લગભગ મોટાભાગનાં બાંધકામમાં માર્ગ–મકાન વિભાગનાં અમુક ભ્રષ્ટ અધિકારી, બેઈમાન એજન્સીઓ અને અમુક રાજકીય આગેવાનોની મિલીભગતથી ૦.૨૫ ટકાથી લઈને પાંચ ટકા જેવી રકમ જુદા–જુદા ટેબલે

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસનો સપાટો

## રાજુલાનાં ગઢની રાંગ વિસ્તારમાં જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓની અટકાયત

**રૂપિયા ૨૭૯૫૦નો મુદ્દામાલ કબ્જે થયો**

અમરેલી, તા. ૧૭

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિહ તેમજ નાયબ અધિક્ષક એચ.બી.વોરાએ અમરેલી જીલ્લામાંથી જુગારદારૂની બદી દુર કરવા માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગાર, દારૂની કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ. જે અન્વયે રાજુલાના પોલીસ ઈન્સ.

અનુસંધાન પાના ૬ ઉપર



### જે રૂટની માંગ છે તેની અવગણના કરીને

## અરે વાહ : રાજુલા–પોરબંદર વચ્ચે વધુ એક બસ સેવા જરૂર વગર શરૂ

**કયાં કારણોસર બિનજરૂરી રૂટ શરૂ થયો તે તપાસનો વિષય**

રાજુલા, તા. ૧૭

એક તરફ એસ.ટી. વિભાગ ખાનગી સામે કમર કસી રહી

અનુસંધાન પાના ૬ ઉપર

### એક ગાય અને ૧૫–૨૦ જેટલા ઘેટાનાં મોત થયાની રજુઆત

## વડિયાનાં નવા ઉજળા ખાતે જંતુનાશક દવાનો છંટકાવ ગૌચર અને ખરાબાની જમીનમાં થતાં પશુઓને મુશ્કેલી

**સ્થાનિક મામલતદારને પુશપાલકોએ આવેદનપત્ર પાઠવ્યું**

વડિયા, તા.૧૭

વડિયાનાં નવા ઉજળા ગામનાં પશુપાલક પ્રવિણભાઈ મારીયાએ સ્થાનિક મામલતદારને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે નવા ઉજળા ગામે તેઓનાં વાડામાં ગાય અને ઘેટાઓ રાખતાં હોય, તેમાં નજીકમાં આવેલ વ્યકિતઓ જવલનશીલ દવાનો છંટકાવ કરતા એક ગાય અને ૧૫–૨૦ ઘેટાનાં બચ્ચાનાં પુરા મહિના ન થયા હોય તેમનો કાચા કાઢી નાખવામાં આવ્યાનું જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે આજુબાજુની ગૌચર જમીનમાં પણ




દવાનો છંટકાવ કરવામાં આવતો હોવાથી પશુઓને નુકસાન થતુ હોય કાયદેસરની કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવેલ છે.




ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
અસંભવ શબ્દનો ઉપયોગ કાયર લોકો કરે છે, બહાદુર અને બુદ્ધિમાન વ્યક્તિ હંમેશા પોતાનો માર્ગ કાઢી લે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

ખુબ ખુબ અભિનંદન
શ્રી મહેશભાઈ કસવાલા
પ્રતિનિધિ
ગુજરાત સ્ટેટ બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફ (GSBWL)

ગુજરાત સરકાર દ્વારા પ્રદેશ પ્રવકતા અને સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ની ગુજરાત સ્ટેટ બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફ (GSBWL)નાં પ્રતિનિધિ (સભ્ય) તરીકે નિમણુંક કરવા બદલ તેમને ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ...
: શુભેચ્છક :
શ્રીમતિ નિતાબેન પ્રકાશભાઈ ભડકણ
સદસ્યાશ્રી : નગરપાલિકા અમરેલી



LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)